# ઈગ્નાઈટ

## સર્જનશીલતાનો સન્માનોત્સવ



હની બી નેટવર્ક

**પ્રકાશક**
સૃષ્ટિ ઈનોવેશન્સ
પો.બો.નં. ૧૫૦૫૦
આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫
email: info@sristi.org

ISBN 81-87160-20-41

© સૃષ્ટિ ઈનોવેશન્સ

પ્રથમ આવૃત્તિ : ડિસેમ્બર, ૨૦૧૩
પૃષ્ઠઃ ૬૪
સહયોગ રાશિઃ રૂા. ૭૫ + ટપાલ ખર્ચ રૂા. ૨૫
નકલ : ૧૦૦૦

**મુદ્રણ**
બંસીધર ઓફસેટ, અમદાવાદ



*પૂર્વ રાષ્ટ્રપતિ અને મહાન વૈજ્ઞાનિક ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ દ્વારા ઇગ્નાઇટ સમારોહમાં આપેલ પ્રેરણાદાયી પ્રવચનનો ભાવાનુવાદ અહીં પ્રકાશિત કરેલ છે. રાષ્ટ્રને નવસર્જન બનાવવા માટે ડૉ. કલામસર દેશભરના વિદ્યાર્થીઓને સતત પ્રેરણા આપતા રહ્યા છે. અહીં તેમનું આ પ્રવચન જરૂર વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયી બની રહેશે.*

# અંતરમનમાં જ્ઞાનની ભૂખ પ્રજ્વલિત કરો

ઇગ્નાઈટ એવોર્ડ સમારોહમાં યુવા સંશોધકો સાથે સંવાદ કરી ઘણો જ રોમાંચ અનુભવુ છું. આ એ સંશોધકો છે જેમના અદભૂત વિચારોને કામે લગાડી રોજીંદા જીવનની સમસ્યાઓમાં નવા-નવા ઉકેલ વિચારાયા છે. આ બધા જ વિચારો અને સંશોધનો સમાજને અને આવનારી પેઢીને ફળદાયી બનવાના છે.

મિત્રો ગઈકાલે હું રાષ્ટ્રીય નવપ્રવર્તન પ્રતિષ્ઠાન દ્વારા પ્રકાશિત એક નોંધ વાંચી

રહ્યો હતો જેમાં કુલ સાત બોધપાઠ મળે છે, જે એવા બાળકો પાસેથી લેવાયેલ છે જેમણે સર્જનાત્મક વિચારો રજૂ કર્યા છે. આ સાત બોધપાઠ આ મુજબ છે.

(૧) બાળકો સમસ્યાનો ઉકેલ શોધવા માટે ઉત્સુક હોય છે, સમાજ માટે આ એક હકારાત્મક બાબત છે.

(૨) જે વસ્તુ દેખીતી રીતે વિસંવાદિત જણાતુ હોય તેને બાળકો સહેલાઈથી સવાંદી બનાવી શકે છે.

(૩) રચનાત્મકતાને આગળ ધપાવતી વખતે અન્ય સંભાવનાને નકારવી ન જોઈએ.

(૪) બાળકો મોટેરાઓનું જીવન વધુ સારૂ બનાવવા માટે તથા તેમનું વૈતરુ ઘટાડવા માટે વિચારો પેદા કરે છે.

(૫) પુખ્તવયના સંશોધકોના પ્રમાણમાં બાળ સંશોધકોમાં જાતિ સમાનતા ઘણી વધારે સારી છે.

(૬) પ્રાકૃતિક સ્ત્રોતો અને પર્યાવરણની જાળવણી વિશે બાળકો ઉત્તરોત્તર વધુને વધુ જાગૃત થઈ રહ્યા છે.

(૭) મોટાભાગના સર્જનાત્મક વિચારો મહાનગરોમાંથી નહી પરંતુ નાના ગામો, નાના શહેરોમાંથી આવી રહ્યા છે તે બાબત નોંધનીય છે.

લાખો બાળકો સાથેની મારી વાતચિતમાંથી મેં એક અદ્વિતીય ગુણવત્તા જોઇ કે પોતાના વિચારોને કોઈ રૂકાવટ વગર પૂર્ણ રૂપમાં પહોંચાડવાની હિંમત તેમનામાં છે. આ આઠમો બોધપાઠ છે. બાળકોના આ સહજ જુસ્સાના આઠ ગુણોને પોષવા તથા ખીલવવા એ વાલીઓ અને શિક્ષકોનું ધ્યેય હોવું જોઈએ.

મિત્રો સંશોધનો અને શોધો એવા રચનાત્મક મગજોમાંથી ઉદભવે છે જે મનમાં સતતપણે કાર્ય કરતા રહે છે અને પરિણામોની કલ્પના કરતા રહે છે. કલ્પના અને સતત પ્રયાસો વડે બ્રહ્માંડના બધા જ બળો તે પ્રરિત મગજ માટે કાર્ય કરે છે અને એ રીતે સંશોધનો તથા શોધો તરફ દોરી જાય છે.

હું આ ઇગ્નાઈટ સમારોહમાં ભાગ લેનાર બાળકોને તથા તેઓને નવા વિચારો માટે પ્રેરનાર અને તેને ક્રિયાન્વીત કરનાર શિક્ષકો તથા વાલીઓને પણ અભિનંદન આપુ છું. મિત્રો આજે જ્યારે હું તમારી સાથે છું ત્યારે મને મારો જન્મ મહાનતા સાથે થયો છે એ વિષય પર થોડા વિચારો વહેંચવાનું ગમશે.

હું અદ્વિતીય છું.

એ કયો એકમાત્ર ફાળો છે જેણે માનવ જીવનના દરેક પાસામાં વિકાસના ઝડપી દરે પ્રગતિનો માર્ગ કંડારી દુનિયામાં ક્રાંતિ આણી છે? ઉપર જુઓ તમે શું જુઓ છો ? વિજળીના બલ્બ ! તરત જ આપણા વિચારો તેના શોધક થોમસ આલ્વા એડીસનની શોધ અને તેની ઇલેકટ્રીક સિસ્ટમ માટે તેના યોગદાન તરફ જશે. વિજળીએ આપણા જીવવાની રીતમાં જે પરિવર્તન આણ્યુ છે તેને માટે આપણે તેને હંમેશા યાદ કરીશું.

યાદગાર શોધમાં મોટી વસ્તુ કઈ છે ? હું એ વસ્તુઓ વિશે વિચારુ છું જેણે દુનિયાને એક વૈશ્વિક ગામ બનાવી દીધુ છે. દુનિયાના કોઈપણ ભાગમાં પહોંચવું એ કલાકોની બાબત બનાવી દીધી છે. હા, જ્યારે તમે તમારા ઘરની ઉપરથી પસાર થતા વિમાનનો અવાજ સાંભળો છો ત્યારે તમો કોના વિશે વિચાર કરો છો? જ્યારે એક મહાન વૈજ્ઞાનિકે જાહેર કર્યુ હતુ કે હવા કરતા વજનદાર હોય તેવી કોઇપણ વસ્તુને ઉડાડી ન શકાય ત્યારે રાઈટ બ્રધર્સે સાબિત કર્યુ કે માણસ પણ ઉડી શકે છે. હા, એ વિમાન છે, જેણે અંતરો ટુંકા કર્યા છે, દુનિયાને જોડી છે અને આ સૃષ્ટિને જીવવા માટેનું વધુ સારૂ સ્થળ બનાવ્યું છે. આ બધુ વહાણ અને જમીનમાર્ગની મુસાફરીમાં પરંપરાગત વાહનવ્યવહાર વડે ક્યારેય શક્ય ન હતું.

આ પછીની મહત્વની શોધ કઈ હતી ? જેણે દરેક વ્યક્તિને બીજી વ્યક્તિ સાથે જોડી છે. એ કઈ એવી એક વસ્તુ છે જેણે વર્તમાન સમયની સોશીયલ મીડીયા ક્રાંતિને આધાર પુરો પાડ્યો છે. હા, ટેલીફોન માટે આપણે એલેકઝાંડર ગ્રેહામ બેલને યાદ રાખીશું.

પ્રથમ બધા સીલીકોન લેસરના સતત તરંગોનો ૨૦૦૫માં જન્મ થયો, જે એક અસરનો ઉપયોગ કરીને ઇન્ટેલ રીસર્ચમાં પરિણમ્યા. આ અસર શું છે? ભૌતિક અભિબિંદુતા બહુ ઝડપી બનશે અને વધુ ઝડપી નેટવર્ક ઉદભવશે. આઠ દશકાઓ પછી આ કેવી રીતે બન્યુ? આ એક મહાન પ્રશ્નકર્તા મગજને કારણે બન્યુ છે. જ્યારે બધા દરિયાઈ મુસાફરીને એક અનુભવ ગણતા હતા ત્યારે એક અદ્વિતીય મગજે યુનાઈટેડ કિંગડમથી ભારતની દરિયાઈ યાત્રા દરમિયાન પોતના મનને પ્રશ્નો કર્યા. તેઓ એ વિચારમાં મગ્ન હતા કે સમુદ્ર અને જમીન મળે છે તે ક્ષિતિજ શા માટે બ્લ્યુ દેખાય છે. તેમનું સંશોધન પ્રકાશના વિભાજનની ઘટનામાં પરિણમ્યુ અને શ્રી સી. વી. રામનને નોબેલ પ્રાઈઝ વડે નવાજવામાં આવ્યા. વિન્ડોઝ પર્સનલ કોમ્પ્યુટર સ્પેસ તરફ લાખો ઘરોની વિન્ડોઝ બની છે. જ્યારે તમે વિન્ડોઝ

ઓપરેટીંગ સિસ્ટમ વિશે વિચારો છો ત્યારે તમે કોને યાદ કરો છો? હા, અલબત તે બિલ ગેટ્સ છે.

જ્યારે તમે ઇન્ટરનેટ અને આખી દુનિયામાં પ્રસરેલ વેબસાઈટ વિશે વિચારો છો ત્યારે તમને કોણ યાદ આવે છે? સ્વીસ, ફ્રેન્ચ સરહદ પર જીનીવા નજીક આવેલ એક યુરોપિયન રિસર્ચ ઓર્ગેનાઈઝેશન, બર્નર્સ-લી તથા બેલ્જીયમ કોમ્પ્યુટર વૈજ્ઞાનિક રોબર્ટ કૈલિઆયુ યાદ આવે છે જેણે ૧૯૯૦માં વિવિધ પ્રકારની માહિતીઓને એક વેબના નોડ્સમાં જોડેલી જેમાં વપરાશકર્તા ઇચ્છા મુજબ બ્રાઉઝ/સર્ચ કરી શકે તેવી હાઈપરટેક્સટનો ઉપયોગ કરવાની રજૂઆત કરી અને તે જ વર્ષના ડિસેમ્બરમાં તેમણે આ પ્રોજેક્ટને જાહેરમાં રજૂ કર્યો. જે આજે વર્લ્ડ વાઈડ વેબ (www) બની ગયો છે. જ્યારે તમે ઇમેલ વિશે વિચારો ત્યારે તમને ખબર છે કે સૌ પ્રથમ હોટમેઇલે દુનિયા પર શાસન કર્યુ હતું. જ્યારે તમે હોટમેઇલ વડે દુનિયા સાથે જોડાઓ છો ત્યારે તમે કોને યાદ કરો છો? હા, એ છે સાબિર ભાટીયા, જેમણે ઇમેલને એક લોકપ્રિય આદાન-પ્રદાનનું માધ્યમ બનાવ્યું, જેણે ૨૧મી સદીમાં કોમ્યુનિકેશનની રીત જ બદલી નાખી છે.

એક ઓપન સોર્સ પ્લેટફોર્મ જાવા-java જેણે ઓપન સોર્સ સોફ્ટવેર ડેવલપમેન્ટમાં ક્રાંતિ કરી છે જે સાદા સાધનો અને મોબાઇલ ફોનથી લઈને પર્સનલ કોમ્પ્યુટર અને એન્ટરપ્રાઈઝ સર્વર તથા સુપર કોમ્પ્યુટર સુધીની સિસ્ટમ બૃહદ વિવિધતા પર ચાલે છે. ડેસ્કટોપ કોમ્પ્યુટર માટે ઓછા સામાન્ય છે તે જાવા-java નો ક્યારેક WWW-વર્લ્ડ વાઈડ વેબને સર્ચ કરતી વખતે સુધારેલ રક્ષિત કાર્યો પૂરા પાડવા માટે ઉપયોગ કરાય છે. તમને કોણ યાદ આવે છે ? હા, તે સન માઇક્રોસિસ્ટમના જેમ્સ ગોસ્લીંગ છે.

જ્યારે આઈપેડ અને આઇફોન સર્વવ્યાપી સાધનો અને સ્માર્ટફોન બની ગયા છે, જે લોકોના મોટા ભાગના રસના વિષયોને પોષવાનો અનુભવ કરાવવા માટે બાળકોથી લઈને સમાજના બધા વર્ગોમાં વ્યાપ્ત થઇ ગયા છે. એના માટે તમે કોને યાદ કરશો? હા, અલબત્ત, એપલના સ્ટીવ જોબ્સને જ ને.

મિત્રો, જ્યારે મેં તમારી સાથે સંશોધનો તથા શોધોના પરિણામો વિશે વાત કરી ત્યારે તમે તેના સંશોધકોના નામ આપી શકવાની સ્થિતીમાં હતા. શા માટે? કારણકે તમે અદ્વિતીય છો. અહીં એકઠા થયેલા તમારામાંથી ખાસ કરીને યુવાનોમાંથી કેટલા અદ્વિતીય બનવા માંગે છે?

મિત્રો, છેલ્લા એક દશકાના સમયમાં હું ભારતમાં અને પરદેશમાં પંદર મિલિયન યુવાનોને મળ્યો છું. દરેક યુવાન અદ્વિતીય બનવા માંગે છે અને તે તમે છો પરંતુ તમારી આસપાસની દુનિયા તમને માત્ર બીજા બધા જેવા જજ બનાવવા માટે રાત-દિવસ પોતાનાથી થાય તે બધું જ કરી રહ્યી છે. પડકાર એ છે કે કોઇપણ માણસ કલ્પી ન શકે તેવી લડાઈ તમારે લડવાની છે; તમે નક્કી કરેલ સ્થાન-અદ્વિતીય સુધી ન પહોંચો ત્યાં સુધી તમારે આ લડાઈમાં ક્યારેય અટકવાનું નથી!

મને આનંદ છે કે ઇગ્નાઈટ કાર્યક્રમમાં ભાગ લેનાર યુવાનોએ સર્જનાત્મક વિચારો અને ખ્યાલો સાથે કેવી રીતે અદ્વિતીય બનવું તેનો માર્ગ દર્શાવ્યો છે. હું તમને બધાને આ નવા વિચારો ક્રિયાન્વીત કરવાનો જુસ્સો જાળવી રાખવાનું સૂચન કરુ છું. હવે હું તમારી સાથે એક અનુભવ વહેંચીશ.

**હું આ કરી શકું.**

મિત્રો થોડા મહિનાઓ અગાઉ હું મહારાષ્ટ્રના એક ગામમાં જુદી-જુદી શાળાઓના ૨૦૦૦ વિદ્યાર્થીઓને મળ્યો. જ્યારે હું મંચ પરથી નીચે ઉતરવા જઈ જ રહ્યો હતો ત્યારે લગભગ ૧૮ વર્ષના યુવાને-જેને તેની માતાએ હાથમાં ઉંચક્યો હતો મને મળવા માટે બૂમ પાડી. મેં તેમને બંનેને મંચ પર બોલાવ્યા. તે છોકરો બાળપણના કોઈ રોગને કારણે ચાલી નહોતો શક્તો પરંતુ તેનું મનોબળ મજબૂત હતુ. તેણે મને કહ્યુ મારૂ નામ શેલેષ છે અને હું આ ગામનો છું તમે મને એક સ્વપ્ન સેવવાનું કહ્યુ. હું અહીં તમને મારૂ સ્વપ્ન જણાવવા આવ્યો છુ. હું ચેસનો ખેલાડી છું... અને કોઈક દિવસ હું ગ્રાન્ડ માસ્ટર બનીશ.

મિત્રો, બીજી એક ઘટના હું ભારતનો રાષ્ટ્રપતિ હતો ત્યારે બની. ૨૦૦૬ની ૨૮મી ઓગષ્ટે હું આદિવાસી વિદ્યાર્થીઓના એક જુથને મળ્યો. મેં તેમને બધાને એક સવાલ પૂછ્યોઃ તમે શું બનવા માંગો છો? ઘણા બધા પ્રતિભાવોમાંથી એક નવમા ધોરણનો વિદ્યાર્થી ઉભો થયો. તેનું નામ શ્રીકાંત હતું તેણે જવાબ આપ્યો, હું ભારતનો પ્રથમ અંધ રાષ્ટ્રપતિ બનીશશ હું તેની કલ્પના અને મહત્વકાંક્ષા જોઈને ખૂબ જ ખુશ થયો. નાનું લક્ષ્ય એક ગુનો છે. આથી, મેં તેને તેના વિઝનને ઓળખવા માટે અભિનંદન આપ્યા અને તેના વિઝનને સાર્થક કરવા માટે કઠોર પરિશ્રમ કરવા કહ્યું.

ત્યારપછી તેણે કઠોર પરિશ્રમ કર્યો અને દશમાં ધોરણમાં નેવું ટકા અને ઇન્ટર મિડીએટમાં છન્નું ટકા માર્કસ મેળવ્યા. યુ.એસ.એ. કેમ્બ્રીજમાં એમ.આઈ.ટી.માં

ઇજનેરીનો અભ્યાસ કરવાનું લક્ષ્ય નક્કી કર્યું. તેના કઠોર પરિશ્રમે તેણે એમ.આઈ.ટી.માં પ્રવેશ પણ મેળવ્યો અને એમ.આઈ.ટી.એ તેની ફી જતી કરી સ્કોલરશીપ આપી. શ્રીકાંતની સિદ્ધીએ તેની સંસ્થામાં ઘણા વિદ્યાર્થીઓમાં પરિવર્તન આણ્યુ છે. આજે તે એમ.આઈ.ટી.માં અભ્યાસ કરી રહ્યો છે. ઘણી કંપનીઓએ તેને અભ્યાસ પૂર્ણ કર્યા પછી નોકરીની ઓફર કરી છે. ત્યારે તેણે તેમને કહ્યુ કે, જો તે ભારતનો રાષ્ટ્રપતિ નહી બની શકે તો જરૂર કંપનીમાં પાછો ફરશે. અંધ હોવા છતાં તેના જીવનમાં અનેક મુશ્કેલીઓ તથા પડકારો વચ્ચે આ યુવાન કેવો આત્મવિશ્વાસ ધરાવે છે તે આપણાં સહુ માટે પ્રેરણાદાયી છે.

જ્યારે તમે એક સ્ટારની ઇચ્છા કરો ત્યારે તમે કોણ છો તેનાથી કોઈ ફરક પડતો નથી. તમારુ હૃદય જે ઇચ્છે છે, તે તમને આવી મળશે.

તમે બધા રચનાત્મકતાના લક્ષ્યમાં છો તેથી, હું તમને પશ્ચિમ બંગાળના એક ગામડામાં માટીના ઘરમાં રહેતા એક વિદ્યાર્થીની વાત કરીશ, જેણે આંખની સર્જરીમાં એક ક્રાંતિ સર્જી છે.

**આંખની સર્જરીમાં ક્રાંતિ**

૧૯૬૮માં ખડગપુર આઈ.આઈ.ટી.માંથી ભૌતિકશાસ્ત્રમાં પી.એચ.ડી. અને પશ્ચિમ બંગાળના માટીના ઘરની સંસ્કૃતિવાળા ગામડામાંથી આવતા એક ભારતીય વૈજ્ઞાનિકને એક મોટા એરોસ્પેસ કોન્ટ્રાક્ટર, નોર્થશેપ કોર્પોરેશનના રીસર્ચ એન્ડ ટેક્નોલોજી સેન્ટરની ટીમમાં જોડાવા માટે આમંત્રણ આપવામાં આવ્યું. તેમને એક ભૌતિકશાસ્ત્રી તરીકે કાર્ય કરવા માટે અસામાન્ય સગવડો ઓફર કરવામાં આવી હતી. તેઓ કાર્બન મોનોક્સાઈડ (CO) લેસરના ક્ષેત્રમાં જુસ્સાપૂર્વક કાર્ય કરી રહ્યા હતા. તેમના સંશોધનને આધારે, તેમના નોર્થશેપના સહકાર્યકર્તાઓએ ૧૯૬૮ સુધીના સૌથી શક્તિશાળી સતત લેસરનુ નિર્દેશન કર્યું. વધુ આગળના એક પગલામાં એ ભારતીય વૈજ્ઞાનિક લેસરને રૂમના તાપમાને કાર્ય કરતું કરી શક્યા જે અગાઉ અશક્ય તરીકે વિચારાતુ હતું.

તેઓએ કેલીફોર્નીયા યુનિ. લોસ એન્જલસના એક સેમીનારમાં તેમના પરિણામો રજૂ કર્યા, ત્યારે એડવર્ડ ટેલર જેમની ક્રાંતિકારી આંતરસૂઝે તેમને ફાધર ઓફ ધ એચ-બોમ્બબનો ખીતાબ મેળવી આપ્યો હતો, તેઓ ત્યાં હાજર હતા. ભારતીય વૈજ્ઞાનિકની રજૂઆતથી ડો. ટેલર ખૂબ જ મુગ્ધ થયા અને તેમની સરાહના કરી. તે ભારતીય વૈજ્ઞાનિકે કહ્યુ છે કે, એક પ્રતિષ્ઠિત રશીયન જર્નલમાં એક રશીયન

વૈજ્ઞાનિકે લખ્યું છે કે, $C0_2$ લેસર પર ભૌતિકના સંપૂર્ણ કાર્ય પછી (લેસર પર) ખાસ કશું કરવાનું રહ્યુ નથી. એ પછી જ તે પોતાને એક વૈજ્ઞાનિક તરીકે લાયક ગણી શક્યા. આ વસ્તુએ એક ગ્રામ્ય પૃષ્ઠભૂમિમાંથી આવતા આ વૈજ્ઞાનિકને આંતરરાષ્ટ્રીય માન્યતા આપી. હું જેના વિશે વાત કરુ છુ તે વૈજ્ઞાનિક કોણ છે તે તમે જાણો છો? હા, તે છે ડૉ. મણીલાલ ભૌમિક, જેમણે વિજ્ઞાન અને આધ્યાત્મિકતાનું મિશ્રણ કરીને કોડ નેમ્ડ ગોડડ નામનું પુસ્તક લખ્યુ છે. મને ખાતરી છે કે તમે આ લેસર વૈજ્ઞાનિક ડૉ. ભૌમિક વિશે વધુ વાંચવા આતુર હશો. તેમનું લેસરનું સંશોધન આંખની સર્જરીની એક મહત્વની એપ્લીકેશન LASIR તરફ દોરી ગયું છે. મને ખાતરી છે કે તમારામાંના ઘણાને ડૉ. મણીલાલ ભૌમિક જેવુ બની ઘણી નવી શોધો, કરવાનું ગમશે, જે તમને તમારા પરિવારને તમારી સંસ્થાને અને તમારા રાષ્ટ્રને ગર્વ અપાવશે.

**ઉપસંહાર**

હું આ પ્રસંગ મુજબ સુધારા કરેલ ૧૩મી સદીના પ્રખ્યાત સુફી કવિ જલાલુદ્દીન સુમીના શબ્દોથી પૂરુ કરીશઃ

ઉડવા માટેની પાંખો

- હું શક્તિ સાથે જન્મ્યો છું.
- સારપ અને વિશ્વાસ સાથે જન્મ્યો છું
- વિચારો અને સ્વપ્નો સાથે જન્મ્યો છું
- હું મહાનતા સાથે જન્મ્યો છું
- હું આત્મ વિશ્વાસ સાથે જન્મ્યો છું
- હું પાંખો સાથે જન્મ્યો છું.
- આથી, હું ભાખોડીયા ભરવા માટે નથી.
- મારી પાસે પાંખો છે, હું ઉડીશ.
- જલાલુદ્દીન સુમી - ૧૩મી સદીના પર્સીયન સુફી કવિ

યુવા મિત્રો, તમને મારો સંદેશ છે કે, શિક્ષણ તમને ઉડવા માટે પાંખો આપે છે. ઇગ્નાઈટ જેવા કાર્યક્રમોમાં ભાગ લેવો તે તમને ચીલાચાલુ ઉકેલોથી બહારનું વિચારવાની તક પૂરી પાડે છે. આપણા અર્ધચેતન મનમાં હું જીતીશની જે સળગતી જ્વાળા છે તેમાંથી સિદ્ધીઓ આવે છે. માટે, અહીં અને અન્યત્ર એકઠા થયેલા

તમારા બધામાં વીંગ્સ ઓફ ફાયર “અગ્નિપંખ” છે. આ અગ્નિપંખ તમને ખરેખર મહાન સંશોધક અથવા શોધક બનાવશે અને અદ્વિતીય સામાજિક ફાળા માટે સમાજ વડે યાદ કરાશે.

નવસંશોધનો તથા શોધોની ઉત્તેજનાત્મક કારકીર્દી માટે તમને બધાને મારી શુભેચ્છાઓ ઈશ્વરના આશીર્વાદ તમારા પર વરસે.

**યુવાનો માટે પ્રતિજ્ઞા**

૧) હું એક લક્ષ્ય રાખીશ અને તે લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે કઠોર પરિશ્રમ કરીશ. હું સમજું છુ કે નાનું લક્ષ્ય એક ગુનો છે.

૨) હું નીતિમત્તાપૂર્વક કાર્ય કરીશ અને નીતિમત્તાપૂર્વક સફળ થઈશ.

૩) હું મારા પરિવાર, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વનો સારો સભ્ય બનીશ.

૪) હું નાત, જાત, વર્ણ, ભાષા, ધર્મ કે રાજ્યના કોઈ ભેદભાવ વગર હંમેશા બીજાના જીવનને બચાવવાનો કે વધુ સારુ બનાવવાનો પ્રયાસ કરીશ. હું જ્યાં પણ હોઈશ, મારા મનમાં એક વિચાર હંમેશા રહેશે, હું શું પ્રદાન કરી શકુ?

૫) હું કોઈપણ પૂર્વગ્રહ વગર દરેક માનવ જીવનના ગૌરવની હંમેશા રક્ષા કરીશ અને તેને આગળ વધારીશ.

૬) હું હંમેશા સમયના મહત્વને યાદ રાખીશ. મારો મુદ્રાલેખ હશે, ‌ેમારા યૌવનના દિવસોને વ્યર્થ નહીં જવા દઉં.

૭) હું હંમેશા સ્વચ્છ ગ્રહ પૃથ્વી અને સ્વચ્છ ઉર્જા માટે કાર્ય કરીશ.

૮) મારા રાષ્ટ્રના યુવાધન તરીકે, હું કાર્ય કરીશ અને મારા બધા કાર્યોમાં સફળતા મેળવવા માટેની હિંમત સાથે કાર્ય કરીશ અને બીજાની સફળતાનો આનંદ ઉઠાવીશ.

૯) હું મારા વિશ્વાસ જેટલો જ જુવાન અને મારી શંકાઓ જેટલો જ વૃદ્ધ છું. આથી, હું મારા હૃદયમાં વિશ્વાસનો દીપક પ્રગટાવીશ.

૧૦) મારા હૃદયમાં મારો રાષ્ટ્રધ્વજ લહેરાય છે અને હું મારા રાષ્ટ્રને ગૌરવ અપાવીશ.

*(ઇગ્નાઇટ સમારોહમાં માનનીય ડૉ. એ.પી.જે. કલામ સાહેબે આપેલ પ્રવચનનો ભાવાનુવાદ.)*

# ઇગ્નાઇટ: સર્જનશીલતાના સન્માન માટેનો રાષ્ટ્રીય મંચ



શાળાકીય શિક્ષણ એ માત્ર કૌશલ્ય વિકાસ માટે જ ન હોવું જોઈએ. શિક્ષણ થકી જીવનમાં સહાનુભૂતિ, સમાવેશી વિચારો, પ્રેમ, સદ્ભાવ, સમાનતા, સહિષ્ણુતા અને આનંદીત જીવનની સ્થાપના કરે તે ઉદ્દેશ પણ હોવો જોઈએ. કૌશલ્યવર્ધન સાથે આવી સર્વાંગીણ કેળવણી જ સ્વસ્થ અને સર્જનશીલ સમાજની રચના કરે છે.

ઇગ્નાઇટની શરૂઆતની ભૂમિકાની વાત કરૂ તો સમાજમાં ઘણા બાળકો એવા હોય છે જે કદાચ શાળાના પાઠ્યપુસ્તક આધારીત શિક્ષણમાં ખૂબ તેજસ્વી હોય, પરંતુ રોજીંદા જીવનની કોઇ મુશ્કેલીનો ખરેખર સામનો કરવાનો થાય ત્યારે અક્ષમ સાબિત થતા હોય! તેથી, વિપરીત ઘણીવાર જોયું છે કે, જે વિદ્યાર્થી પાઠ્યપુસ્તક આધારિત શિક્ષણમાં ભલે તે સામાન્ય હોય પણ રોજીંદા જીવનની મુશ્કેલીઓને ઉકેલવામાં અગ્રેસર હોય છે. ઇગ્નાઇટ દેશભરમાંથી એવા પ્રતિભાસંપન્ન બાળકોને શોધે છે. જેમનામાં સમાજ જીવનની મુશ્કેલીઓના હલ શોધવા માટે નવા નવા વિચારોની ભરમાર હોય. આવા બાળકોની સર્જનશીલતાને ઉજાગર કરવાનું ઇગ્નાઇટ એ રાષ્ટ્રીય મંચ છે. આ સંકલીત પુસ્તકમાં આવા પ્રતિભાસંપન્ન વિદ્યાર્થીઓના નવા નવા વિચારો-શોધને પ્રકાશિત કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

આપ સહુ જાણો છો તેમ દર વર્ષે પૂર્વ રાષ્ટ્રપતિ આદરણીય ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામના જન્મદિવસને રા.ન.પ્ર. સર્જનશીલતા દિવસ તરીકે ઉજવણી કરે છે. તેમના જન્મદિવસે વિજેતા બાળકોની ઘોષણા કરવામાં આવે છે.

કોને ખબર છે કે, આજે જે નવો વિચાર આપણને નગણ્ય લાગે છે તે આવતીકાલે તે શોધ લોકોની મુશ્કેલીઓનો હલ ઉકેલવા કારગર હોય! સમાજમાં એવા ઘણા વિદ્યાર્થીઓ હોય છે જેમના વિચારો અને પ્રતિભા અસાધારણ હોય છે. આ પુસ્તકમાં જે વિચાર/શોધ રજૂ કર્યા છે, તે આવતીકાલની સંભવિત ટેકનોલોજી હોઇ શકે છે.

આ પુસ્તકમાં દર્શાવેલ ઉદાહરણો એવું દર્શાવે છે કે, આપણા બાળકો સમસ્યાને

ઓળખીને તેની સાથે ન જીવવાની ટેક સાથે નવો ઉકેલ શોધે છે. ઘણીબધી સમસ્યાઓ એવી હોય છે કે, આપણે બધાએ અનુભવી હોય પણ આપણે બધા તે સમસ્યાની સાથે જીવવા સમાધાન કરી રહ્યા છીએ. આ પુસ્તકમાં પ્રકાશિત પ્રતિભાશાળી બાળકો નવા નવા ઉપાયો/વિચાર સૂચવી સમસ્યાનુ હલ શોધવા મથે છે. અહીં તેમની બૌદ્ધિક ક્ષમતાનું પણ અભિવાદન કરતા ગૌરવ થાય છે.

કોઇપણ એક સમસ્યાના સમાધાન માટે સમસ્યાને વિવિધ ભાગોમાં વહેંચી તેમાંથી વૈકલ્પિક અને તર્કપૂર્ણ વિચારો આ વિદ્યાર્થીઓ રજૂ કરતા હોય છે.

ઇગ્નાઇટ એક એવો મંચ છે જ્યાં બાળકો/વિદ્યાર્થીઓ નવા નવા વિચાર-આઇડીયા આપે છે. એન્જિનીયર અને ડીઝાઇનર તેને ફેબ્રિકેટ કરે છે. કંપનીઓ તેનું વાણિજ્યકરણ કરે છે. આ ત્રિકોણ/પિરામીડને આગળ વધારવા માટે ઉદ્યોગ સાહસિકો, ડીઝાઇનરો અને ફેબ્રિકેટરને હની બી નેટવર્કની આ વિચારધારા સાથે જોડાવવા માટે સ્વાગત કરીએ છીએ. જેથી પ્રતિભાસંપન્ન બાળકોની શોધના બૌદ્ધિક સંપદાના અધિકારોનું રક્ષણ કરવાની સાથે સાથે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીયસ્તરે પણ તેમની પ્રતિભાની નોંધ લેવાય.

આપણા બાળકો નવા નવા આઇડીયા અને શોધ કરતા હોય ત્યારે કોઇ સંકોચ વિના પ્રોત્સાહન આપવું જોઇએ. ઘણા બાળકો વિદ્યાર્થીઓ શાળાકીય શિક્ષણ સિવાય આ પ્રકારના ઇનોવેશનમાં પોતાનો સમય અને શક્તિ લગાવે ત્યારે માતા-પિતા નારાજ થતા હોય છે. આવા સહુ વાલીઓને મારો અનુરોધ છે કે, બાળકોને તેમની પ્રતિભા મુજબ નવી નવી શોધ કરવા જરૂરી પ્રોત્સહાન આપે. આવા જિદ્દી અને ઉત્સાહિત બાળકો જ રાષ્ટ્રની સૌથી મોટી ધરોહર છે.

આપનો

પ્રો. અનિલ કે. ગુપ્તા
સંયોજકઃ સૃષ્ટિ
કાર્યકારી ઉપાધ્યક્ષઃ રા.ન.પ્ર.

# ઇગ્નાઇટ–૨૦૦૮

## કારમાં બાજુના કાચ માટે પણ વાઇપર્સ



ગાડીની અંદર બેઠેલા લોકો પણ બાજુમાંથી સ્પષ્ટપણે જોઇ શકે તે માટે ગાડીની બાજુના કાચ માટેના વાઇપર્સ.

વિશાન દિપક પોપટ, ધોરણ-૮, નવરચના સ્કૂલ, વડોદરા ગુજરાત

## સ્વયંસ્ફૂરિત ટ્રાફીક સીગ્નલ



અમુક સમય આધારિત નહીં, પરંતુ કેટલો ટ્રાફીક છે તે નક્કી કરી તેના પર આધારિત ટ્રાફીક સીગ્નલનો વિચાર રજૂ કર્યો છે.

ગીરીશ એસ. અને અશ્વિન નાગરાજન, ધોરણ-૧૦, પદ્મા શેષાદ્રી બાલા ભવન, ચેન્નાઇ, તમિલનાડુ

## ગેસ સિલિન્ડર ખાલી થાય તે પૂર્વે સૂચના આપતું યંત્ર



એક ઇલેક્ટ્રોનિક સાધન જે LPGના વપરાશકર્તાને ગેસ સીલીંડર ખાલી થવા જઇ રહ્યું છે તેની જાણ કરે છે. જ્યારે સીલીંડરનું વજન એક નિયત વજન કરતા ઓછું થાય ત્યારે સીગ્નલ સક્રીય થઇ જાય છે.

ઉલ્લાસ કેશવ, પૂર્ણેશ એ. એસ., અમોધ એમ. હોલી, વિઘ્નેશ ડી. નેરનેકર, અક્ષય તુલસીગીરી, ધોરણ-૮, શ્રી સત્ય સાંઈ લોકસેવા વિદ્યા કેન્દ્ર, દક્ષિણ કન્નડા, કર્ણાટક

## આપમેળે કચરાનો નિકાલ

એક એવી કચરાપેટી જે એક ચોક્કસ વજન સુધીનો કચરો લઇ શકે. એક વખત

વજન વધારે થઇ જાય એટલે તે ડબ્બો વાંકો વળે અને બહારના કચરાના ડબ્બામાં તે કચરો ફેંકી દે.



રિયા મિશ્રા અને સીરત કે. ધીલ્લો, ધોરણ-૮, વસંત વેલી સ્કૂલ, નવી દિલ્હી

## વજન/ભાર નિયંત્રણ પધ્ધતિ

સેન્સર અને વજન માપવાની પધ્ધતિનો ઉપયોગ કરતી પધ્ધતિ જે વધારે પડતો માલ ભરેલ વાહનોને અટકાવે અને ચેક પોઇન્ટ પસાર ન કરવા દે.

અનુભવ હલ્દીયા, ધોરણ-૧૦, મહારાજ સવાઇ માનસિંહ વિદ્યાલય, જયપુર, રાજસ્થાન

## વીજળીની બચત કરતી સ્ટ્રીટ લાઇટો




રસ્તાની સામસામી બાજુએ સ્ટ્રીટ લાઇટો અને તેને પ્રતિબીંબિત કરતા અરીસા રાખવાનો વિચાર. લાઇટ એક બહિર્ગોળ અરીસો હોય. આયોજન એવું છે કે બે ઘનતાવાળી લાઇટ મૂકવી અને વિરૂદ્ધ બાજુએ પ્રતિબીંબ પાડનાર તરીકે ચાર બહિર્ગોળ અરીસા મૂકવા.

યશવીર સુરાણા અને દેવ અગ્નિહોત્રી, ધોરણ-૧૦, મહારાજા સવાઇ માનસિંહ વિદ્યાલય, જયપુર, રાજસ્થાન

## અકસ્માતને અટકાવવા

વાહનો, અવરોધો તથા રસ્તા પર પડેલા મોટા ખાડાઓને ઓળખવા માટે મોટર ગાડી પર સેન્સર આધારિત સીસ્ટમનો વિચાર રજૂ કર્યો છે.

*અભિન ફીલીપ (JNV સ્કૂલ, પલક્કડ, કેરાલાના)ને અકસ્માત અટકાવવાના વિચાર માટે આશ્વાસન ઇનામ પ્રાપ્ત થયું.*




સુસાંત પટ્ટાનાયક, ધોરણ-૧૦, ડીએવી પબ્લીક સ્કૂલ, ભૂવનેશ્વર, ઓરીસ્સા

## ડબલ ડોર ડસ્ટબીન



એક એવી કચરા ટોપલી જેનો ઉપરનો ભાગ સામાન્ય કચરા ટોપલી જેવો જ હોય. જેમાં આપણે રોજનો કચરો નાખીએ. નીચેના ભાગમાં એક ડ્રોબીજ જેવી રચના હોય, જેમાં એક બાજુને નીચી કરી શકાય જેથી, એક વ્યક્તિ કચરો સીધો વાળીને ટોપલીમાં નાખી દઇ શકે.

અમાન્યા શીલ ખોસલા, મૃદંગ માથુર, શ્રેયસ કડબા, અભિવીર અર્જુન
ધોરણ-૭, વસંત વેલી સ્કૂલ, નવી દિલ્હી

## વરસાદી પાણી એકઠું કરતી છત્રી



એક એવી છત્રી જે વરસાદથી રક્ષણ કરે અને સાથે સાથે વરસાદનાં પાણીને પીવા માટે એક બોટલમાં એકઠું કરે.

ઓજસ્વી ગોએલ, ધોરણ-૬, વસંત વેલી સ્કૂલ, નવી દિલ્હી

## કચરો એકઠો કરવો

ખાવાની વસ્તુઓનાં ખાલી પડીકામાં ચૂંબકીય વસ્તુનું પાતળું પડ મૂકીને કચરો એકઠો કરવાનો વિચાર રજૂ કર્યો. જાહેર કચરા ટોપલીઓમાં પણ એવા જ પ્રકારની ચૂંબકીય વસ્તુ હોવી જોઇએ. આવાં પડીકાઓને જ્યારે કચરા ટોપલી તરફ ફેંકવામાં આવે અથવા હવામાં એમ જ ઉડતાં હોય તો પણ તે ટોપલી તરફ ખેંચાઇ જશે.



અતુલ્ય ગુપ્તા, ધોરણ-૪, ધ બનીયન ટ્રી, નવી દિલ્હી

## IPL બીઝનેસ ટ્વેન્ટી ટ્વેન્ટી

છ વર્ષથી ઉપરના બાળકો માટેની બોર્ગ ગેમ, જેને બે અથવા ચાર બાળકો વડે રમી શકાય. તે બાળકોને આ બાબતો શીખવે છે. (૧) ઉચ્ચ વળતર માટેનાં રોકાણો (૨) વ્યુહરચનાઓ, બચત અને કિંમત માટેના વિકલ્પો દ્વારા અને

બદલામાં સૌથી વધુ નફો કરતો વ્યવસાય ચલાવવો. દરેક ખેલાડીને IPL બેન્કમાંથી રમતની શરૂઆતમાં એક નિશ્ચિત રકમ આપવામાં આવે છે.

સિધ્ધાર્થ સોમાણી, ધોરણ-૭, આનંદ નિકેતન સ્કૂલ, અમદાવાદ, ગુજરાત

## સહેલાઇથી હેરફેર કરી શકાય તેવું સુરક્ષિત કુકર

એક નાનુ હેરફેર કરી શકાય તેવું કુકર જેનું વજન આશરે એક કીલોગ્રામ હોય તેને એલ્યુમીનીયમ ફોઇલ વડે કવર કરાય અને રાંધવા માટે આંચ પર મૂકી શકાય.



વેંકટેશ જીંદાલ, વિરાજ નંદા, અશ્રન્ત કોહલી, ધોરણ-૭, વસંત વેલી સ્કૂલ, નવી દિલ્હી

## કિચન કિંગઃ રસોઈનો રાજા




આ એક એવું સાધન છે કે જેમાં ૧૨ ખાનાં તથા એક ડિસ્પ્લે સ્ક્રીન જોડાયેલો છે અને તેમાં રસોઈ બનાવવા માટે કોઈ એકની પસંદગી કરી શકાય છે. આ એક પરીક્ષણ કરેલું ઉપકરણ છે. ત્યાર બાદ, સ્ક્રીન પર વાનગી માટે જરૂરી સામગ્રી અને તેની માત્રા દર્શાવવામાં આવે છે, જે પ્રમાણે મશીનમાં સામગ્રી રેડવામાં આવે તો તે પ્રમાણે વાનગી બનાવે છે.

અભિષેક ભગત
વિદ્યાર્થી, ધોરણ-૧૨, પટના-બિહાર

## પાણીની પાઇપલાઇનમાં પ્રવાહના દબાણને દર્શાવતું ઉપકરણ



ભારતમાં, દિવસમાં માત્ર બે કે ત્રણ કલાક જ પાણીપુરવઠો મળતો હોય તેવા ઘણા બધા વિસ્તારો છે, આથી લોકોએ પાણીના પ્રવાહને તપાસવા માટે પાઇપ બદલીને વારેઘડીએ તપાસવી પડે છે. અહીં પાઇપલાઇનમાં લગાવવામાં આવેલી રિંગ જેવી રચનાના કારણે, પાઇપમાં પ્રેસર અંગે જાણ કરતું એલર્ટ વાગે છે અને લોકોને તે અંગે જાણ કરે છે.

હિમાલી જોશી, વિદ્યાર્થી, ધોરણ-૧૨,
વિક્રમ બિરલા ઇન્સ્ટિટ્યૂટ ઓફ લર્નિંગ,
નૈનિતાલ, ઉત્તરાખંડ.

## અગ્નિના ઉપયોગ વગર સીલ કરવાનું સાધન



કવર કે, બોક્સને બંધ કરવા માટે લાખને ગરમ કરી, ચોંટાડવાની પરંપરાગત પદ્ધતિ ઘણી કઢંગી અને જોખમી છે અને ભારતમાં છેક મુઘલકાળથી આ પ્રણાલી પ્રમાણે સીલકામ કરવામાં આવી રહ્યું છે. આગના ઉપયોગ પર સીલ મારવાની પદ્ધતિમાં લાખને પિગાળવા માટે અગ્નિની આવશ્યકતા રહેતી નથી. તેના કારણે છાપ ઉપસાવવા કે સીલ કરવામાં ચોકસાઈ રાખવામાં આવે છે અને કામ સહેલાઈથી થાય છે. આ માટે ઉપયોગ કરતાં આ ઉપકરણમાં લાખ ભરવામાં આવે છે અને તેને પ્લગમાં જોડી અને પિસ્ટનના ઉપયોગથી હાથ વડે ગરમ લાખ લગાવી શકાય છે.

મસા મઝીમ, ધોરણ-૧૧, વિદ્યા વિકાસ સ્કુલ, નમક્કલ, તમિલનાડુ

## અસામાન્ય મગજને પરિવર્તન કરનાર ઉપકરણ



આ ઉપકરણમાં એવી તકનીક ઉપયોગ કરવામાં આવે છે કે જેમાં શ્વસન દ્વારા ઉત્પન્ન થતી ઊર્જાને સરકીટમાં જોડવામાં આવે છે. તેમાં કેટલાક વિકલ્પો પણ દર્શાવેલા હોય છે, જેમ કે ખોરાક. આ ઉપકરણ લકવાગ્રસ્ત વ્યક્તિઓને તેમની ઇચ્છા પ્રદર્શિત કરવા તેમ જ તેમનાં દૈનિક કાર્યો કરવા માટે આત્મનિર્ભર બનાવવામાં મદદરૂપ થાય છે. આ ટેક્નિકનો અનેક કાર્યોમાં ઉપયોગ કરી શકાય છે, જેમ કે વ્હીલચેર સંચાલનમાં, ઇલેક્ટ્રોનિક પ્રક્રિયાઓમાં, અકસ્માત નિવારવામાં, લૂંટારાઓને પકડી પાડવા વગેરેમાં.

સુસાન્ત પટ્ટનિક, ધોરણ-૮, ડીએવી પબ્લીક સ્કુલ. ભુવનેશ્વર ઓરિસ્સા.

## વરસાદી પાણીના સંગ્રહની સરળ પદ્ધતિ



હાલમાં ભારતનાં લગભગ તમામ શહેરોમાં પાણીની તંગી જોવા મળે છે. તેના નિવારણરૂપ એક પદ્ધતિમાં પ્રત્યેક ઘરમાં, પાણી બહાર નીકળવાના સિમેન્ટના તળિયાના સ્થાને, પથરાળ નહેર કે ચેનલ તૈયાર કરવામાં આવે કે જેમાં પાણી મળી શકે. આવા સંગ્રહના પાણીની એક નહેર તૈયાર કરી તેનો સંગ્રહ કરવામાં આવી શકે છે તથા તેનો બગાડ થઈ ગટરમાં જતું રોકી શકાય છે.

સારંગ મજમુદાર, ધોરણ-૧૧, લા મેરીનાયર ફોર બૉયઝ, કોલકાત્તા, પશ્ચિમ બંગાળ.

## અગ્નિશામક હોજ-મશીનની સાથે જોડાઈ શકે તેવું સહાયક ઉપકરણ



આગ ઓલવાતી વખતે પાઇપ દ્વારા હોજમાંથી નીકળતો પાણીનો પ્રવાહ ઘણો જ તેજ હોય છે તથા તેના કારણે, હોજને હાથમાં પકડી તેને ચલાવનાર, ફાઇટર પર તેનો પ્રત્યાવર્તી ધક્કો લાગે છે, જે કેટલીક વાર સંભાળવાનું મુશ્કેલ બને છે. અહીં, પાઇપના હાથા સાથે વાળી શકાય તેવું સહાયક સ્ટેન્ડ ગોઠવી શકાય છે, જેથી પાણીના ધક્કા સામે કર્મચારીને રક્ષણ મળે, વળી તેની સાથે સ્પ્રિંગ જોડીને આ હાથાને સરળતાથી જે તે દિશામાં ફેરવી શકાય. આ હોજના વળાંકને પણ ફ્લેક્સિબલ રીતે ગોઠવતાં તે જરૂરત પ્રમાણે સંચાલિત કરી શકાય અને ઓછા પરિશ્રમ પર નિશ્ચિત લક્ષ્યાંક સુધી સરળતાથી પાણીનો મારો કરી શકાય.

અભિષેક શ્રીકાંત, ધોરણ-૧૨ વિદ્યાર્થી, ગ્લોબલ ઇન્ડિયન ઇન્ટરનેશનલ સ્કૂલ,
ઇસ્ટ કોસ્ટ કેમ્પસ, સિંગાપોર.

## પાઇપ વડે આપોઆપ સફાઈ થઈ શકે તેવી શૌચાલય-રચના



અહીં, શૌચાલયના દરવાજામાં સ્પ્રિંગની સાથે એક પાઇપની રચના દ્વારા જ્યારે વ્યક્તિ દ્વારા દરવાજો ખોલવામાં આવે ત્યારે, તે પાઇપમાંથી આપોઆપ, તેના તળિયામાં તેમ જ કમોડમાં પાણીનો પ્રવાહ ચાલુ થઈ જાય છે. આ રીતે, રેલવેના ડબામાં રહેલાં શૌચાલયો પાણીના ઓછામાં ઓછા બગાડ સાથે સ્વચ્છ રાખી શકાય છે.

શમિતા નાયક, કેન્દુઝાર, ઓરિસ્સા

## શાળાઓમાં સૌર પ્રોજેક્ટર



સૌર ઊર્જા સંચાલિત સ્લાઇડ પ્રોજેક્ટર ગ્રામીણ શાળાઓમાં માર્ગદર્શન માટે ઉપયોગી સાધન બની શકે તેમ છે. આ ઉપકરણો દૂરદરાજના વિસ્તારોમાં ગ્રામીણ બાળકોની શૈક્ષણિક આવશ્યકતાઓને પૂરી કરી શકાય તેમ છે.

પી. ઐશ્વર્યા, ધો-૧૦, સિલ્વર હોલ્સ પબ્લિક સ્કૂલ, કાલિકટ.

## કપડાંને વરસાદથી પલળતાં અટકવતું ઉપકરણ



જ્યારે વરસાદ શરૂ થાય કે તરત જ મોટર દ્વારા મીઠાના ઉપયોગથી વાતાવરણનો ભેજ શોષી લેવાય છે અને તેના દ્વારા જે દોરી પર કપડાં સૂકવવામાં આવ્યાં હોય તેને અંદરની તરફ ખેંચી લે છે. આથી ગૃહિણીઓને ચોમાસામાં વધારાના તાર બાંધવાની ઝંઝટમાંથી મુક્તિ અપાવે છે.

પીયુષ અગ્રવાલ, ધો-૧૧, ડીએવી હઝારીબાગ સ્કૂલ, હઝારીબાગ, ઝારખંડ.

## સુરક્ષિત લોકર, સુરક્ષિત કબાટ-તિજોરી



લાઇટથી સંચાલિત, સેફ્ટી એલાર્મની પદ્ધતિ વિકસાવી શકાય છે. આ એલાર્મ ચોર જેવા ઘરમાં દાખલ થાય અને તિજોરીમાં ટોર્ચ દ્વારા પ્રકાશ ફેંકે કે તરત જ, વાગવા લાગે છે અને આસપાસના લોકોને તે અંગે જાણ કરે છે.

શ્રીમંતા સુંદર પઢી, ધો-૯, સરત કુ. દેબ હાઈસ્કૂલ, કેન્દ્રપારા, ઓરિસ્સા.

## મોબાઇલ ફોન સાથે જોડાઈ શકે તેવી ઇન્ફ્રારેડ કિરણોના ઉપયોગવાળી સુરક્ષા વ્યવસ્થા



પાયરો ઇલેક્ટ્રિક ઇન્ફ્રારેડ સેન્સર, સંવેદક ટેક્નિકને ઇન્ફ્રારેડ કિરણો દ્વારા મોબાઇલ ફોન સાથે જોડી તેને ઘરની અંદર ગોઠવી શકાય છે. ઘરમાં જ્યારે ચોરી થાય ત્યારે તેમાં સાયરન વાગે છે અને તેની સાથે જ મોબાઇલ ફોનમાં પણ રિંગ વાગવા લાગે છે અને સાથે જોડાયેલા વિડિયો સેન્સર દ્વારા ચોરની ગતિવિધિઓની પણ માહિતી મળે છે.

અરુણ મુરલીધરન, ધોરણ-૧૦, પુનાલુર ગર્વમેન્ટ હાયર સેકન્ડરી સ્કુલ, ક્યુલીયન, કેરાલા.



## પ્રત્યાયનના માધ્યમ તરીકે હેલ્મેટનો ઉપયોગ

હેલ્મેટની અંદર એક વોકી-ટોકીનું ઉપકરણ જોડી શકાય છે તથા તેની સપાટી પર એક એન્ટેના જોડી શકાય છે. કટોકટીની પરિસ્થિતિમાં, પોલીસ કર્મીઓને, તેમનાં દ્વિચક્રી વાહન ચલાવતાં ચલાવતાં તેમના હેડક્વાર્ટર સાથે સંપર્ક જાળવવું કેટલું સરળ બની જાય.

અંકુશ કુમાર, ધો-૧૨, સરસ્વતી વિદ્યાલય, ધનબાદ, ઝારખંડ.

## વાહનોની લપસી પડવાની સંભાવના અંગે જાણ કરવું સ્કીટોમીટર

રસ્તાઓમાં વળાંક તથા ઢોળાવ આવે ત્યારે વાહનો લપસી જઈને અકસ્માત સર્જાવાની ઘણી ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. એક વિદ્યાર્થીએ આવા અકસ્માતો નિવારવા માટે વાહનને લપસી જવાની સંભાવના દર્શાવતું અને વાહનને જે તે માર્ગ પર વાહનની ગતિને સૂચવતું સ્કીટોમીટર નામનું ઉપકરણ તૈયાર કર્યું છે.



આયદા તેશી એલેકા તથા અંશા ગ્રેસ કોશી, ધોરણ-૯, વિમલા સેન્ટ્રલ સ્કુલ, કરમકોડ, કેરાલા.

## પાણીને શુદ્ધ કરવા માટે વાળનો પ્રયોગ



વાળંદને ત્યાં, કાપેલા વાળને નાખી દેવાના બદલે તેમાંથી પાણી શુદ્ધ કરી આપતાં ફિલ્ટર તૈયાર કરી શકાય છે. આ માટે વાળને પાણીના બહાર નીકળવાના નળ પર જોડી દેવામાં આવે તો તે તેમાંથી પસાર થતા પાણીમાંથી તેલ તેમ જ અન્ય કચરો ખેંચી લે છે. આ પ્રકારના શુદ્ધ પાણીનો બાગકામમાં ઉપયોગ લઈ શકે છે.

પલ્લવી, ધો-૧૦, આગા ખાન હાઈસ્કુલ, કચ્છ, ગુજરાત.

## માનવરહિત રેલવે ટ્રેક માટેની એલાર્મ પદ્ધતિ

માનવરહિત રેલવે ટ્રેકની આસપાસ એ કે બે કિલોમીટર સુધીના વિસ્તારના લોકોને, એલાર્મ અને સ્પીકર દ્વારા ટ્રેનના આવવાની જાણ કરી ઘણી બધી જિંદગીઓ બચાવી શકાય છે. આ માટે, રેલવેના પાટા ક્રોસ



કરી રહેલા લોકોને માનવરહિત સ્ટેશનો પર ટ્રેનના આવવા અંગે એલાર્મ દ્વારા જાણ કરવામાં આવે છે.

એમ. અરવિંદ, ચેન્નઈ, તામિલનાડુ.

## ટ્રાફિક સિગ્નલોના નિયંત્રણ માટે ઇલેક્ટ્રિકલ બઝરનો પ્રયોગ



ટ્રાફિક સિગ્નલો પર આપણે ઘણી વાર, લોકોને ઉતાવળમાં રોડ સિગ્નલની પરવા કર્યા વિના જોખમી રીતે રસ્તો પસાર કરતા અને અકસ્માતો સર્જાતા જોઈ શકીએ છીએ. આવા બનાવો રોકવા માટે, ટ્રાફિક લાઇનની સાથે ઇલેક્ટ્રિકલ વાયર જોડી શકીએ છીએ કે જે રેડલાઇટ દરમિયાન, જોખમી રીતે રસ્તો પસાર કરતાં વાહનો અંગે તરત જ એલાર્મ આપે છે.

એન. સિદ્ધાર્થ અને પદ્મીની સુભાશ્રી, ધોરણ-૮, ડીએવી પબ્લિક સ્કુલ, ભુવનેશ્વર, ઓરિસ્સા.

## સ્માર્ટ હોમ



ભવિષ્યમાં આપણાં ઘરોમાં તમામ ચીજવસ્તુઓને પ્રોગ્રામ સાથે જોડી તેને, ઇન્ટર કનેક્ટિંગ કરી શકાય કે જેથી તે ઉપયોગકર્તાની આવશ્યકતા પ્રમાણે ક્રિયા કરે, જ્યારે ઉપભોક્તા, ગરમ પાણીની માપણી કરે ત્યારે, તેમાંથી ગરમ પાણી પ્રાપ્ત થાય. સોફા અથવા પથારીની આરામદાયક રીતે ગોઠવણ તેના પ્રોગ્રામિંગ દ્વારા થઈ શકે, આવાં સ્માર્ટ ઘરોમાં મોટા ભાગનાં સાધનોને ડિજિટલ કંટ્રોલથી ચલાવી શકાશે.

સ્વપ્ન દાસ, ધો-૧૧, હોલી ક્રોસ સ્કુલ, અગરતલા, ત્રિપુરા.

## પેટ્રોલ લીક થવાની જાણ કરતાં સંવેદકો



પેટ્રોલની ટાંકીમાં એવાં સંવેદકો ગોઠવી શકાય કે જે ટાંકીમાંથી પેટ્રોલ લીક થાય તો તેને ચકાસીને એલાર્મ દ્વારા જાણ કરે. આ પ્રમાણે લીકેજ દ્વારા થતા પેટ્રોલનો બગાડ અટકાવી શકાય.

નીતેશ ચૌધરી, ધો-૧૦, સરસ્વતિ વિદ્યા મંદિર, ધનબાદ, ઝારખંડ.

## વાહન માટે ઊર્જાની બચત દર્શાવતા સંકેતો



સૌરઊર્જા સંચાલિત અથવા અન્ય પ્રકારના ઇલેક્ટ્રોનિક, માઇક્રો ઇન્ડિકેટર વાહન સાથે જોડી શકાય કે જે દિવસ દરમિયાન વાહનોમાં જો લાઇટ ચાલુ હોય તો તે અંગે ચાલકને જાણ કરે છે કે આ રીતે આપણે ઊર્જા બચાવી શકીએ.

પ્રકાશ વાધવાની, આદર્શ પ્રાઈમરી સ્કુલ, કચ્છ, ગુજરાત

## કઠણ પાણી માટે આંબલીનો પ્રયોગ



આપણે પાણી શુદ્ધ કરવા આંબલીનો પ્રયોગ કરી શકીએ. આ માટે પાણી પર, આંબલી ગોઠવવામાં આવે તો તેમાં રહેલા ઓક્સાલિક એસિડનાં કાર્યો તે કઠણ પાણીમાંથી ક્ષાર શોષી લઈ તેને નરમ બનાવે છે. આ આંબલીના આવરણને દર ૧૫ દિવસે બદલતાં રહેવું જરૂરી છે. આ એક ઓછી ખર્ચાળ પદ્ધતિ છે.

નબરુન દે, ધોરણ-૯, હોલી ક્રોસ સ્કુલ, ત્રિપુરા.

# ઇગ્નાઇટ–૨૦૧૦

### બહુવિધ ફિઝિયોથેરાપીનું ઉપકરણ



આપણે જ્યારે દર્દીઓની દુ:ખભરી સ્થિતિ જોઈએ ત્યારે કદાચ અશોક અસરાનીની જેમ કોઈ પ્રયત્ન કરતા નથી. તેણે એક એવા પ્રકારનું ઉપકરણ તૈયાર કર્યું છે કે જે અકસ્માતમાં ઈજાગ્રસ્ત તથા પાંસળીઓના સ્થાનફેરથી તકલીફ ધરાવતા દર્દીઓને કસરત કરાવી શકે છે, તેનો બહુવિધ ઉપયોગ પણ થઈ શકે છે. શરૂઆતમાં ડોક્ટરોએ તેના સંશોધનની દર્દીઓ માટે ઉપયોગિતા અંગે શંકા વ્યક્ત કરી તે નિષ્ફળ રહેશે તેવી ટકોર પણ કરી હતી, પરંતુ અશોકે તેના પ્રયત્નો નિરંતર ચાલુ રાખ્યા અને આજે તેનાં ઘણાં ઉપકરણોએ હકારાત્મક પ્રતિસાદ મેળવ્યો છે.

અશોકે મિસાઇલના નમૂનાની સૌપ્રથમ શોધ કરી છે. આ ઉપકરણ તેણે તેના પ્રેરણાસ્રોત એવા શ્રી એ.પી.જે. અબ્દુલ કલામના સન્માનમાં તૈયાર કરેલું હોવાનું જણાવે છે. તે એક સાધારણ કુટુંબમાંથી આવે છે અને પોતાનાં સર્જનાત્મક સ્વપ્નાંઓ પર પ્રયોગો ચાલુ રાખવા માટે એક સામાન્ય નોકરી પણ કરે છે. જ્યારે તે પોતાની સ્કૂલ ફી ભરી શકે નહીં ત્યારે તેનો આધાર તેનાં આ સંશોધનો બની રહે છે. જ્યારે તેનાં સંશોધનો અંગે સામયિકમાં લેખ પ્રકાશિત થયો અને તેમાં તેની સ્કૂલના નામનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો ત્યારે શાળા દ્વારા તેની ફી માફ કરી દેવામાં આવી. તેના થકી તેની





શાળાનું નામ પણ રોશન થયું. (આવા સર્જનશીલ વિદ્યાર્થીઓ માટે રોજિંદા જીવનની સમસ્યાઓ દૂર કરવાનું ઘણું સહેલું છે, જરૂર છે માત્ર આ જિજ્ઞાસાની ચિનગારીને પેટાવવાની) તે અગાઉ એક ઈલેક્ટ્રોનિક દુકાનમાં નોકરી કરતો હતો જ્યાં તેની શાળાના



વિદ્યાર્થીઓ પોતાના સ્કૂલ પ્રોજક્ટ અંગે, ટેક્નિકલ માર્ગદર્શન લેવા આવતા હતા. તેણે ત્યાર બાદ વિચાર્યું કે : હું જો અન્યને મારી આવડત દ્વારા મદદરૂપ બની શકું તો તેનો મારા પોતાના વિકાસ અને નામના મેળવવા શા માટે ઉપયોગ ન કરું? અને તેથી મેં લોકોને ઉપયોગી બની રહે તેવાં સંશોધનોના વિકાસની શરૂઆત કરી.

અશોક આસરાની, ધોરણ-૧૨, શુભમ્ સેન માધ્યમિક શાળા, જયપુર

**સ્વયંસંચાલિત સંકેતો આપતું બિપર મશીન!**



આપણે ઘણી વાર આપણી વસ્તુઓ ભૂલી જતાં અથવા આડીઅવળી મૂકી દેતાં હોઈએ છીએ. અશુનીએ આ સમસ્યાનો એક ઉકેલ તૈયાર કર્યો છે. તેણે પોતાની ભૂલી જવાની આદતના કારણે નાની નાની ચીજવસ્તુઓનું સ્થાન સૂચવતા, બિપર મશીનની શોધ કરી છે કે જે નાનામાં નાની ચીજને શોધી આપે છે. તે ઈલેક્ટ્રોનિક ઉપકરણ અંગે વિસ્તૃત જાણકારી ધરાવતી ન હોઈ તેણે પોતાનું મોડેલ તૈયાર કરવામાં તેના મિત્રોની સહાયતા લીધી. તે એક ઉત્સાહી બાસ્કેટ બોલ ખેલાડી છે. તે જીવનમાં એક સફળ વૈજ્ઞાનિક બની અને ઘણી બધી પેટન્ટ પોતાના નામે કરવાની ખેવના ધરાવે છે. અશુની વિચારે છે કે તેનાં મોડેલ્સ કે જે ઇગ્નાઇટ ૨૦૧૦માં રજૂ કરેલાં છે



તે શાળાનાં બાળકોને સર્જનશક્તિ ખીલવવા માટે પ્રેરણારૂપ બની રહે તે હેતુથી શાળાઓમાં પ્રદર્શિત કરવાં જોઈએ. તે વધુમાં જણાવે છે કે સંશોધનના વિષય પર બાળકોમાં નિબંધલેખનની સ્પર્ધા પણ યોજાવી જોઈએ.

આશુની પટેલ, ધોરણ-૧૦, નવરચના સ્કૂલ, વડોદરા

## સ્થાન નિર્દેશ કરતું લોકેટર બિપર મશીન!



સાંઈને તેની દાદીની વસ્તુઓ ખોઈ નાખવાની આદતના કારણે લોકેટર મશીન જેવું ઉપકરણ તૈયાર કરવાની પ્રેરણા મળી. લોકો સામાન્ય રીતે જે ચીજવસ્તુઓ રોજબરોજના ઉપયોગમાં આડીઅવળી મૂકી દેતા હોય તેની સાથે આ ઉપકરણ જોડી શકાય. આ ઉપકરણમાં એક ટ્રાન્સમીટર તથા રિસીવર, ખ્ત્રીં અને એક ધ્વનિ સંકેત દર્શાવતાં સાઉન્ડ ઉપકરણો જોડવામાં આવે છે. જ્યારે તેનું રિમોટ દબાવવામાં આવે ત્યારે તેની સાથે જોડાયેલી તમામ ચીજોને ઉપયોગકર્તા શોધી શકે છે. સાંઈ એક એન્જિનિયર અથવા કોમ્પ્યુટર વૈજ્ઞાનિક બનવાની ઇચ્છા ધરાવે છે, તેનું માનવું છે કે આગામી સમયમાં ટેક્નોલોજીનું જ મહત્ત્વ રહેશે.



આ પ્રકારનાં કેટલાંક ઉપકરણો, અગાઉ પણ ઉપલબ્ધ છે અને આ અંગે કેટલીક વેબસાઇટ પર નોંધ પણ જોવા મળેલી છે. જેમ કે http://www.coolest-gadgets.com/20060606/wireless-object-locator-for-thehome/ અથવા શ્રી માઈકલ સીયલ દ્વારા મેળવવામાં આવેલી એક પેટન્ટ કે જેની નોંધ http://www.freshpatents.com/-dt20090625ptan20090160670.php પર નોંધાયેલી છે, પરંતુ સાંઈના મત પ્રમાણે તેના ઉપકરણમાં લાઇટ તથા ધ્વનિનો એક આગવો પ્રયોગ કરવામાં આવેલો છે.

સાંઈ શ્રી રામ, ધોરણ-૯, ડોન બોસ્કો પબ્લિક સ્કૂલ, વિજયવાડા

## બોલીને જાણ કરતું તિથિપત્રક!



શ્રુતિ જણાવે છે કે તારીખ બોલીને જાણ કરતા તિથિપત્રકનો ખ્યાલ જ રસપ્રદ છે. તેને આ વિચાર તેના જન્મદિનના દિવસે આવ્યો. તેના પિતાનું માનવું છે કે દૃષ્ટિની ખામી ધરાવતી વ્યક્તિઓ માટે આ તિથિપત્રક ખૂબ જ ઉપયોગી બની શકે તેમ છે. આ ઉપરાંત તેણે દ્વિચક્રી વાહનના સ્ટેન્ડ ચડાવવા માટે પુશબટનની રચના કરી છે. આ વ્યવસ્થા મહિલાઓ માટે વાહન સ્ટેન્ડ પર ચડાવવામાં સરળતા ઊભી કરે છે. તે પોતાના આ નવસર્જન અંગે જણાવે છે કે એક વાર તેના પિતા વાહન સ્ટેન્ડ પર ચડાવવા જતાં લપસી પડ્યા હતા ત્યારે આ સમસ્યા વિષે ખ્યાલ આવ્યો. શ્રુતિની ઇચ્છા આગળ ભણી પીએચ.ડી. કરવાની છે.



શ્રુતિ કહે છે કે ઘણા લોકો તેને નિરુત્સાહ કરવા તેણે મોકલેલી નોંધ અંગે ટકોર કરતાં જણાવ્યું હતું કે આ પ્રતિયોગિતામાં અસંખ્ય નોંધ આવી હશે અને તેથી તેનો નંબર આવવાની શક્યતા ઘણી ઓછી છે, પરંતુ તેણે આવાં સૂચનોને અવગણીને પોતાના સંશોધનની નોંધ મોકલાવી. ઇગ્નાઇટ-૨૦૧૦માં તેની આવડત અને સંશોધનની કદર થતાં તે ઘણી ખુશ થઈ.

શ્રુતિના સંશોધન સમાન જ બોલતા કેલેન્ડર અંગે વેબસાઇટ પર ઉલ્લેખ જોવા મળે છે જેમ કે http://www.freedownloadscenter.com/Information_Management/Calendars_and_Scheduling_Tools/Speaking_Calendar.html પરંતુ 'પુશ બટન'વાળા સ્ટેન્ડનો ખ્યાલ તદ્દન ભિન્ન પ્રકારનો છે.

શ્રુતિ ત્યાગી, ધોરણ - ૧૧, પોલીસ ડી. એ. વી. સ્કૂલ, જાલંધર





## એક અનોખી ત્રણ પૈડાંવાળી સાઇકલ



રશ્મિ, શારીરિક ખોડખાપણ ધરાવતી વ્યક્તિઓને વધુ ને વધુ સ્વનિર્ભર બનાવવાની ખેવના ધરાવે છે.
રશ્મિ પોતાની જિંદગીમાં ક્યારેય સાઇકલ જોઈ શકી નથી, પરંતુ પોતાની લાગણીઓ દ્વારા તે અંગે કલ્પના જરૂર કરી શકે છે. તેનો સાઇકલ અંગેનો ખ્યાલ એવો છે કે તેમાં એક દિશાસૂચક નેવિગેટર જોડાયેલું હોય તથા એક સ્પીકર દ્વારા, રસ્તા પરનાં સ્થળો, દિશા તથા જમીન અંગેની જાણકારી તેના પર સવાર થનારી વ્યક્તિને મળે. આ મોડેલની રૂપરેખા તૈયાર કરવામાં તેની બહેને તેને મદદ કરી. તેની ઇચ્છા નર્સ બની લોકોની દેખભાળ તથા સેવા કરવાની છે.

રશ્મિ મરુવાડા, ધો-૫, પાઠાભવની હાઈ સ્કૂલ, કોલકતા

## પાઇનેપલ જેવાં ફળોની છાલ ઉતારી આપતી છરી



પાઈનેપલ એ વિશાનનું સૌથી વધુ પસંદગીનું ફળ છે, પરંતુ પાઇનેપલની છાલ અને તેની આંખ દૂર કરવાનું કામ ઘણું કઠિન છે. આથી તેણે એક એવા પ્રકારની છરીનું સંશોધન કર્યું કે જે પાઇનેપલની છાલની સાથે તેના કાંટા પણ દૂર કરી આપે છે.
વિશાનને પોતાની જરૂરિયાત સંતોષવા સંશોધન કર્યા સિવાય કોઈ ઊપાય ન હતો. કારણ કે બજારમાં આ પ્રકારની કાઈ છરી ઉપલબ્ધ ન હતી તેથી તેણે વિચાર્યું કે શા માટે જાતે જે નવીન વિકલ્પ ન





વિકસાવીએ? પોતાના આ વિચાર પર કામે લાગી ગયો. તેનું સ્વપ્ન એક સારા નાગરિક બનવાનું છે અને એક વૈજ્ઞાનિક બનવાની ઇચ્છા ધરાવે છે.

વિશાન વધુમાં જણાવે છે કે કોઈ પણ સમસ્યાનો વધુ ને વધુ વ્યાવહારિક ઉપાયો શોધીને આપણે દેશની સૂરત બદલી શકીશું. તેની વિચારધારા ઘણી સરળ છે. તે કહે છે કે જ્યારે મારી સમક્ષ કોઈ સમસ્યા ઊભી થાય છે કે તુરંત જ તેના ઉકેલ શોધવાના પ્રયત્નમાં હું લાગી જાઉં છું.

વિશાન પોપટ, ધો-૧૦, નવરચના સ્કૂલ, વડોદરા

**ચાલુ વાહને મોબાઇલ ફોનના ઉપયોગને અટકાવવા સેન્સર!**



દિવ્યમ્‌ને રોજબરોજ જોવા મળતા કેટલાક બનાવોમાંથી નવીન ઉકેલો શોધવાની પ્રેરણા સાંપડી છે. માર્ગ પરના અકસ્માતમાંથી તેને એક ઉપકરણ તૈયાર કરવાની પ્રેરણા મળી. તેણે વાહનના સ્ટિયરિંગ તથા ગિયર પર એક સંવેદક (ટચ સેન્સર) લગાવવા સૂચન કર્યું. આ સંવેદક પર જ્યારે પણ વાહનચાલકનો હાથ ન હોય અથવા ગિયર પરથી હાથ હટી જાય છે ત્યારે આ સંવેદક દ્વારા સંકેત પ્રાપ્ત થાય છે અને વાહનચાલક મોબાઇલ ફોનનો ઉપયોગ કરી રહ્યો છે અથવા બેદરકારીથી વાહન ચલાવે છે તેવો સંદેશ આપે છે અને તેમાં ગોઠવેલા પ્રોગ્રામ





પ્રમાણે આ પદ્ધતિ કાર્ય કરે છે અને વાહન આપોઆપ ધીમી ગતિમાં આવી જાય છે અથવા બિપ બિપ જેવા અવાજ દ્વારા ચાલકને તેની બેદરકારી અંગે ચેતવણી આપે છે.

દિવ્યમ્ કહે છે કે સમસ્યાના કારણે તેને સંરક્ષણાત્મક વ્યવસ્થા અંગે વિચારવાની પ્રેરણા મળી છે. તેણે પોતાનો આ વિચાર મિત્રો સમક્ષ રજૂ કર્યો અને તેમને લાગ્યું કે આ વિચાર ઘણો જ બહેતર અને ઉપયોગી છે. દિવ્યમ્‌ની ઇચ્છા આગળ વધુ ભણી એન્જિનિયર બનવાની છે અને વધુ ને વધુ નવી શોધ કરવાની છે.

દિવ્યમ્ ગુપ્તા, ધો-૧૦, દિલ્હી પબ્લિક સ્કૂલ, બુલંદશહર

## ડ્યુપેન: અનોખો ઉપયોગ ધરાવતી પેન



પેન દ્વારા લાંબા સમય સુધી લખવાની સાથે બેટરીને ચાર્જ કરવાનો વિચાર રાહુલે રજૂ કર્યો છે. પેનની અણી પર લખતી વખતે જે દબાણ આવે છે તેનો નાનકડી બેટરીને ચાર્જ કરવામાં ઉપયોગ કરી શકાય. તેનો આ વિચાર જાણ્યા બાદ તેના મિત્રોએ તેને નિરુત્સાહ કર્યો, પરંતુ મિત્રોની વાતને અવગણીને સંશોધન અંગે પોતાની નોંધ મોકલવામાં તે મક્કમ રહ્યો. તેના ભૌતિક વિજ્ઞાનના શિક્ષકે તેના આ





વિચારને વિવિધ ઉદાહરણો પૂરાં પાડી તથા વિચારની સ્પષ્ટતા દર્શાવીને તેના અભિયાનમાં મદદ કરી. તેણે વિચાર્યું કે : શાળામાં આ તેનું છેલ્લું વર્ષ છે તો પછી શા માટે કંઈક નવીન પ્રયોગ ન કરવો. તેનું લક્ષ્ય આગળ વધી એક દિવસ આઇ.એ.એસ ઓફિસર બનવાનું છે. રાહુલ સૂચવે છે કે દરેક શાળાઓએ વધુ ને વધુ આવી સ્પર્ધાઓ યોજવી જોઈએ.

રાહુલ કુમાર સિંહ, ધો-૧૨, ડી. એ. વી. કપિલદેવ પબ્લિક સ્કૂલ, રાંચી

## યાંત્રિક ભારવાહક મશીન



માશાનું આ યાંત્રિક ભારવાહક મશીન, એ તેનાં નવીન સંશોધનોની શ્રેણીમાં આઠમા ક્રમે આવે છે. માશા જણાવે છે કે તેનાં તમામ નવસર્જનો હાલમાં ઉપલબ્ધ મશીનોમાં જોવા મળતી નાની નાની ખામીઓના ઉકેલ સમાન છે. તનાં તમામ સર્જનોએ સારી પ્રશંસા મેળવી છે. માશા જણાવે છે કે તે જ્યારે પણ તેનાં સંશોધનોના નમૂના કોઈ સ્થળે રજૂ કરવા લઈ જતી ત્યારે હંમેશાં તેનું વજન ખૂબ જ વધારે રહેતું. આ પ્રશ્નોના કારણે તેને 'યાંત્રિક ભારવાહક મશીન' તૈયાર કરવાનો વિચાર આવ્યો કે જે વૃદ્ધો તથા યુવાનોને ભારે સામાન લઈ જવામાં મદદરૂપ બની શકે. આ સંશોધનમાં ટ્રોલીની ઉપર એક પ્લેટફોર્મ જેવી રચના ગોઠવવામાં આવે છે અને એક પેડલ સાથે જોડી પેડલ દ્વારા તેને સરળતાથી ઊંચું કરી શકાય છે.



માશા બાર વર્ષની ઉંમરથી જ નવીન

સંશોધનોના કામમાં કાર્યરત છે. વાસ્તવિક જિંદગીની સમસ્યા પરથી અને પોતાના નિરીક્ષણ દ્વારા તે પોતાના કાર્ય અંગે પ્રેરણા મેળવે છે. માશા કહે છે, મુસ્લિમ છોકરીઓને, મને જેટલી તક મળી તેટલી તક મળતી નથી. આ બાબતે હું મારાં માતાપિતાનો આભાર માનું છું. હું કોન્ફરન્સમાં (સેમિનાર) ભાગ લેવા વિશ્વભરના દેશોમાં મુસાફરી કરી રહી છું. તેણે જાપાન ખાતે GENSUSના સાંસ્કૃતિક આદાનપ્રદાનના કાર્યક્રમમાં ભાગ લેવા જાપાનની મુલાકાત પણ લીધી છે. તે જણાવે છે ઘણાં બાળકોમાં તેમનું કૌશલ્ય છુપાયેલું જ રહે છે, યોગ્ય પ્રેરણા તથા સહકાર વિના તે આવડત પ્રદર્શિત થતી નથી. માશા ભવિષ્યમાં કોઈ સંશોધન સંસ્થામાં કામ કરવા ઇચ્છે છે.



માશા નઝીમ, ધો-૧૨, વિદ્યાવિકાસ ગર્લ્સ હાયરસેકન્ડરી સ્કૂલ, નામક્કલ

## પુનઃ સંરચના દ્વારા નવીન પદાર્થ



હેતલ જ્યારે સાતમા ધોરણમાં અભ્યાસ કરતી હતી ત્યારથી જ સંશોધનકાર્યનો પ્રારંભ કર્યો હતો. એક વાર તેણે રસ્તામાં કચરો વીણનારાઓનું નિરીક્ષણ કર્યું. તેણે જોયું કે તેઓ માત્ર પાણીનાં ખાલી પાઉચ (કોથળીઓ) જ ઉપાડી રહ્યા હતા. અન્ય પ્લાસ્ટિકના કવર લેતા ન હતા. કુતૂહલવશ હેતલે તેમને તેનું કારણ પૂછ્યું, કચરો ઉપાડનારે તેને જવાબ આપ્યો કે અન્ય ચીજવસ્તુઓમાં, પ્લાસ્ટિકની ઉપર આવરણ (લેમિનેશન) કરવામાં આવે છે. તેથી તેની પુનઃ સંરચના થઈ શકતી નથી. ત્યાર બાદ તેણે તેના પિતાની સાથે, આવા લેમિનેટેડ પ્લાસ્ટિકનાં કવર/ખોખાં/ચીજવસ્તુઓ બનાવતી ફેક્ટરીની મુલાકાત લીધી, ત્યાર બાદ તેણે પોતાના પિતાના 'પ્રેસર ડાય કાસ્ટિંગ'ના કારખાનામાં આવા કચરાની ચીજવસ્તુઓ એકઠી કરી તેમાંથી પુનઃસંરચના થઈ શકે તેવી અનેકવિધ ચીજવસ્તુઓમાંથી બનેલો પદાર્થ તૈયાર કર્યો. આ પદાર્થ અનેકવિધ ઉપયોગ ધરાવે છે અને ફરીથી એટલે કે તેની પુનઃ સંરચના પણ થઈ



શકે છે. ઉપરાંત આ પદાર્થ જ્વલનશીલ પણ નથી અને તેના ઉત્પાદન દરમિયાન કોઈ ઝેરી વાયુ પણ ઉત્પન્ન થતો નથી.

હેતલ, ભવિષ્યમાં રસાયણશાસ્ત્રમાં સંશોધક બનવા માગે છે તે વધુમાં જણાવે છે કે રાજકોટમાં ગ્ચ્ક્કઊની સરકારી પ્રયોગશાળા આવેલી છે, પરંતુ તેમાં પ્રયોગ કરવા માટે કે પરીક્ષણ માટે ખૂબ જ ઊંચી ફી રાખવામાં આવી છે, તેથી તે ઇચ્છે છે કે વિદ્યાર્થીઓ માટે તેમાં પ્રાયોગિક પરીક્ષણ માટે ફીમાં ઘટાડો કરવામાં આવે.



તે ઇચ્છે છે કે આ પ્રથા નવીન સર્જકોને મદદરૂપ થઈ શકે તે માટે થોડીક સરળ બનાવવી જરૂરી છે અને આ માગણી અશક્ય તો નથી જ. હેતલની અપેક્ષા પ્રમાણે રાષ્ટ્રીય સંશોધન પદ્ધતિની કેટલીક પ્રથાઓ બદલવી પડે તેમ છે. શું આપણા શિક્ષણશાસ્ત્રીઓ અને નીતિ નિર્ધારકો હેતલની આ અપેક્ષા પૂરી કરશે ખરા?

હેતલ વૈષ્ણવ, ધો-૧૨, સ્વ. શ્રી એસ. જી. ધોળકિયા મેમોરિયલ હાઈ સ્કૂલ, રાજકોટ

## જૂતાં સફાઈ કરી આપતું વેક્યુમ ક્લીનર!



નાનકડા ક્રિસ સફાઈ માટેના વેક્યુમ ક્લીનરની પદ્ધતિ નિહાળીને તેનાં જૂતાં માટે તેનો પ્રયોગ કર્યો જે ઘણો ઉપયોગી અને નવીન બની રહ્યો. તેણે વિચાર્યું કે તેના દ્વારા તેનાં જૂતાંની ધૂળ મશીનમાં ખેંચાઈ જશે.

એ વિચારે છે કે તેની માતા સાફસફાઈનાં કામમાં ઘણી વ્યસ્ત રહે છે. આથી તે પોતાની આ શોધ દ્વારા તેને મદદ કરવા માગે છે.



આમ તો મમ્મીઓ બાળકો તેમના ઘરમાં  હંમેશાં કચરો ફેંકતા હોવાની ફરિયાદ કરતી જોવા મળે છે, પરંતુ અહીં ઊલટું ચિત્ર જોવા મળે છે કે જ્યાં મમ્મી બાળકને પગલાં પાડવા  જાતે જ બોલાવે છે કે જેથી તેને મનપસંદ રીતે સાફ કરી શકાય.

અનંથ રોકેટ વૈજ્ઞાનિક બની બ્રહ્માંડમાં ફરવા માગે છે. ઉપરાંત તે 'નાસા'ની બાળકોની ક્લબનો પણ સભ્ય છે. ઉપરાંત તે અવકાશમાં બરફ અને માટીથી રમવા માગે છે અને બુધના ગ્રહ સુધી પહોંચવા ઇચ્છે છે.

તેની માતા તેની કેટલીક હરકતો યાદ કરતાં જણાવે છે કે જ્યારે પણ તેને કોઈ નવું રમકડું આપવામાં આવે તો તે સૌપ્રથમ તેના બધા જ ભાગો ખોલીને પાછા ફરીથી જોડવા પ્રયત્ન કરવા લાગે છે, તેના પિતા ઈલેક્ટ્રિકલ એન્જિનિયર છે.



તેઓ પણ તેના માટે પ્રેરણારૂપ છે. તેની સૌથી મોટી પ્રેરણા તેનાં દાદી છે કે જે હંમેશાં તેને સમાચારપત્ર તથા વાર્તાનાં પુસ્તકો વાંચવા પ્રેરણા પૂરી પાડે છે.

તેની માતા સૂચવે છે કે આવા યુવા સંશોધકો,

બાળકોને નાણાકીય તેમજ ટેક્નિકલ સહાયતા પૂરી પાડવી જોઈએ કે જેથી તેમની પ્રેરણા જળવાઈ રહે.

ટી. ક્રિસ અનંથ, ધો-૧, બેલ મેટ્રિક હાયર સેકન્ડરી સ્કૂલ, તિરુનેલવેલી.

## અવાજ વિનાનો હોર્ન!



મણિભૂષણને આ પ્રકારના અવાજ વિનાના હોર્ન તૈયાર કરવાનો વિચાર એ તેના ટ્યૂશનના સમયે વાતચીત કરવામાં નડતા ધ્વનિપ્રદૂષણના કારણે આવ્યો. વાહનના હોર્નના અવાજના કારણે તે ફોન પર વાત કરી શકતો નથી. મણિભૂષણ સૂચવે છે કે દરેક વાહનમાં એક સિગ્નલ ઉત્પન્ન કરતું મશીન (અથવા ક્કક) તથા તેનું અથઘટન કરતા સંવેદકો જોડાયેલા હોવા જોઈએ. આ ગોઠવણના કારણે, વાહનચાલક જ્યારે પણ તેનો હોર્ન વગાડે કે તુરંત જ સંકેતો (સિગ્નલ) ઉત્પન્ન થાય છે અને અવાજ કે ઘોંઘાટ થતો નથી.





આ સંકેતો નજીકનાં વાહનોના સંવેદકો દ્વારા પકડાય છે અને તેમાં સાંકેતિક બિપ અવાજ દ્વારા તેના ડેશબોર્ડ પર જાણ થાય છે.
મણિભૂષણને સુપર હીરોની જેમ ઊડવાની તમન્ના છે અને તે માટે કોઈ ઉપકરણ તૈયાર કરવાની ઇચ્છા ધરાવે છે. તે ઈલેક્ટ્રોનિક્સના વિષયમાં વૈજ્ઞાનિક તરીકે કામ કરવા માગે છે.

મણિભૂષણ પ્રસાદ, ધો-૧૨, સિંદરી કોલેજ, ધનબાદ

## અંધ વ્યક્તિઓને વાંચવામાં સહાય કરતું ઉપકરણ

મયંક જ્યારે નવમા ધોરણમાં અભ્યાસ કરતો હતો ત્યારે પિતાની સાથે ફેકટરીમાં



આવતાં - જતાં તેને મશીનો પ્રત્યે રસ જાગ્યો. તેના શિક્ષકે એક વાર એવા સોફ્ટવેર વિશે વાત કરી કે જે પુસ્તક વાંચીને તેનું ધ્વનિમાં રૂપાંતર કરી શકે કે જેથી અંધ વ્યક્તિઓને જાણકારી મળી રહે. તેને એક એવો ગેજેટ તૈયાર કરવાનો વિચાર છે કે જે હાથમાં પહેરી શકાય અને જેને પુસ્તકનાં પાનાંઓ પર અથવા બ્રેઇલ લિપિમાં લખાયેલા કાગળ પર ફેરવવાથી તે લખાણ વાંચી આપે. તેમાં ગોઠવાયેલા સંવેદકો એ પુસ્તકના લખાણને સ્કેન કરી તેનું ધ્વનિમાં રૂપાંતર કરી આપે કે જેથી ઓછું દેખતા તથા તદ્દન અંધ વ્યક્તિઓ પણ પુસ્તક વાંચી, સાંભળી શકે. આ વિચાર પેનમાં ગોઠવી શકાય તેવા સ્કેનર મશીનનો પહેલેથી જ ઉપલબ્ધ છે અને લખાણને ધ્વનિમાં રૂપાંતર કરતા સોફ્ટવેર વિશે પણ તેણે જાણકારી મેળવી. તેણે પોતાની કુશાગ્ર બુદ્ધિ વડે, આ બન્ને હકીકતોને જોડીને અંધ વ્યક્તિ



માટે વ્યાવહારિક રીતે ઉપયોગમાં લઈ શકાય તવી રચના કરી. મયંક વિવિધ કક્ષાના શૈક્ષણિક અનુભવની તરફેણ કરે છે તે કહે છે કે જે તે સંસ્થાઓમાં પ્રવેશના સમયે, તેના શૈક્ષણિક રેકોર્ડ ઉપરાંત તેના અન્ય વિષયોમાં મેળવેલી સિદ્ધિઓને પણ તેટલું જ મહત્ત્વ આપવું જોઈએ. તેનાં માતાપિતા તથા શિક્ષકો તેને તેના અભ્યાસ પ્રત્યે વધુ ને વધુ ધ્યાન આપવા વિનંતી કરી રહ્યા છે. રા.ન.પ્ર.નું આ ઇનામ જીત્યા બાદ તેના પિતા ગર્વભેર તેને કિશોર વૈજ્ઞાનિક તરીકે ઓળખાવે છે!



તે ભવિષ્યમાં મિકેનિકલ એન્જિન્યરિંગના વિષયમાં અભ્યાસ કરવા માગે છે અને સંશોધન દ્વારા દેશની શાન

વધારવા માગે છે તે વધુમાં કહે છે કે જો તેને તક મળે તો તે દેશના સંરક્ષણ વિભાગમાં સંશોધન અને વિકાસ માટે કામ કરવા માગે છે.

મયંક વાલિયા, ધો-૧૨, પોલીસ ડી.એ.વી. સ્કૂલ, જાલંધર

## તાર તોડ્યા વિના સળંગ વણાટ કરી આપતી પ્રક્રિયા



કૌશિક રેશમની ખેતી કરતા ખેતપરિવારમાંથી આવે છે. તેનું કુટુંબ ચાર પેઢીથી રેશમની ખેતીનો વ્યવસાય કરી રહ્યું છે. તેના ઉછેર દરમિયાન જ તે રેશમના ઉત્પાદનની અને તેના તાર તૈયાર કરવાની પ્રક્રિયાનું નિરીક્ષણ કરતો આવ્યો છે.

તેણે જોયું કે પરંપરાગત રીતે તાર કાંતવાની પ્રક્રિયામાં રેશમનો ઘણો બધો બગાડ થાય છે. એક આંટીમાંથી તેઓ માત્ર ચાર કે પાંચ મીટર જેટલો રેશમનો તાર મેળવી શકે છે.

કૌશિક દ્વારા જે પ્રક્રિયા વિકસાવવામાં આવી છે તે કપાયેલા અથવા તૂટક તૂટક આંટીમાંથી પણ સળંગ તાર આપે છે. આ પદ્ધતિમાં આંટીમાંથી પચાસ ટકા





જેટલો તાર મેળવી શકાય છે અને બાકી વધતો ભાગ ગીચા યાર્ન માટે ઉપયોગમાં લેવાય છે. આમ આ પદ્ધતિ દ્વારા વધુ લાંબો રેશમી તાર વણી શકાય છે. કૌશિક ટેક્સટાઇલ વૈજ્ઞાનિક બની રેશમ વિષે વધારે ભણવા ઇચ્છે છે. તે બાળપણથી જ આ વિષયમાં ખૂબ જ રસ ધરાવે છે. ઉપરાંત તેને ફૂટબોલ રમવાનું પણ ઘણું જ પસંદ છે.

કૌશિક બોરુઆ, ધો-૯, વિવેકાનંદ કેન્દ્રીય વિદ્યાલય, ગોલાઘાટ

## ઔદ્યોગિક વપરાશનાં ગંદાં પાણીના નિકાલનું વ્યવસ્થાપન



જ્યારે પણ પાણીની અછત સર્જાય છે ત્યારે આપણે સૌ ફરિયાદ કરવા લાગીએ છીએ, પરંતુ તેનો કોઈ કાયમી ઉકેલ શોધવા પ્રયત્ન કરતા નથી. પાર્થે પોતાના વિસ્તારમાં પણ ઘણી વાર પાણીની અછતની સમસ્યા જોઈ અને તેણે વિવિધ વપરાશોમાં જેમ કે ખેતી, સાફસફાઈ, બાંધકામ વગેરેમાં બગાડ થઈ રેહેલાં પાણીનો ઉપયોગ કરી, પાણીનો બગાડ તથા તેની વપરાશ બન્નેમાં નોંધપાત્ર ઘટાડો થઈ શકશે, તેણે તેના શિક્ષકની મદદથી એક રૂપરેખા તૈયાર કરી અને તેના સ્થાનિક રહીશોને તેનો આ વિચાર અપનાવવા સમજાવ્યા તથા ઇન્દોરની નગરપાલિકાએ નવી ઊભી થતી રહેણાંક કોલોની માટે આ મોડેલને તેમાં ગોઠવવા પણ નિશ્ચિત કર્યું. ગ્લેક્સો સ્મિથક્લાઇન દ્વારા પણ તેમના ક્ષેત્રમાં આ વ્યવસ્થાનું અમલીકરણ કરવામાં આવે છે. પાર્થ પર્યાવરણ વૈજ્ઞાનિક બની,



રોજબરોજની જિંદગીમાં જોવા મળતી સમસ્યાઓના ઉકેલ માટે કાર્ય કરવા માગે છે. પાર્થ કહે છે કે વિશ્વમાં માત્ર ટેક્નોલોજીના વિકાસ પર જ સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે, પરંતુ આવનારા સમયમાં આપણે પર્યાવરણને લગતા મુદ્દાઓ અને વિકાસને પણ પ્રાધાન્ય આપવું પડશે.



પાર્થ વૈદ્ય, ધો-૧૨, વિદ્યા વિજય બાલમંદિર, ઇન્દોર

## શોભાના એક છોડમાંથી ઊધઈરોધક દવા



વર્ષા એક વાર આકસ્મિક રીતે જ તેના આંગણામાં રહેલા *Euphorbia cotinifolia* (ક્રોટન વર્ગનો શોભાનો એક છોડ)નાં છોડમાંથી નીકળતાં દૂધને અડતા તેને એકદમ બળતરા મહેસૂસ થઈ. તેને પોતાનાં માસીએ શીખવેલી એક વાત યાદ આવી કે ગૂગળમાંથી નીકળતું પ્રવાહી વરસાદી કીડાનો નાશ કરે છે અને વર્ષાએ કુતૂહલતાવશ આ પ્રવાહીને વધુ પરીક્ષણ કરવા માટે ઊધઈવાળા ભાગ પર તેનો અખતરો કર્યો અને તેને તેનાં અસરકારક પરિણામો જોવા મળ્યાં. વર્ષા





માટે તેની માતા એક આદર્શ પ્રેરણાસ્રોત છે કે જે એક રસાયણવિજ્ઞાન વિષયનાં શિક્ષિકા છે અને તેઓ વર્ષાને ઘરમાં જ પ્રાયોગિક અખતરા કરવામાં મદદ પણ કરે છે. તેનું પ્રથમ સંશોધન એ તેણે ઇગ્નાઇટ ૨૦૧૦માં મોકલાવેલી તેની નોંધ છે. તેનાં સાહસ અને અખતરા માટે તેની શાળા તથા માબાપનો ખૂબ જ સહકાર છે, તે ભવિષ્યમાં એક સફળ વૈજ્ઞાનિક બનવાની ઇચ્છા ધરાવે છે.

વર્ષા સિંધ, ધો-૮, અમીજય સ્કૂલ, જાલંધર

## અપંગ માટેની નવીન ઘોડી



આપણે ઘણી વખત અપંગ વ્યક્તિઓને કાખઘોડીના સહારે ચાલતી જોઈ હશે, પરંતુ ક્યારેય આ કાખઘોડીમાં તેમને લાગતા ધક્કાને સમાવી લેવા માટે કોઈ સ્પ્રિંગ જેવી રચના અંગે વિચાર્યું નહીં હોય, આવી સ્પ્રિંગના કારણે તેઓને બગલના ભાગમાં થતું દર્દ



ઓછું કરી શકાય છે, પરંતુ ધેમાજી જેવા ગામમાં રહેતી અર્ચના કે જેણે ક્યારેય આ સાધનનો અનુભવ કર્યો ન હતો તેણે તેનો એક અસરકારક ઉપાય વિચાર્યો. અર્ચનાની શાળાની નજીક રહેતી એક અપંગ વ્યક્તિએ એક વાર તેને આ ચાલવાની કાખઘોડીના કારણે થતી તકલીફ વર્ણવી અને તેમની આ હાલતથી સંવેદનશીલ બની તેણે કાખઘોડીમાં કોઈ સ્પ્રિંગ જેવી ગોઠવણ કરી તેમાં ઉપયોગકર્તાને લાગતા ધક્કા ઘટાડી શકવાનો વિકલ્પ વિકસાવ્યો તેમાં એક બેલ પણ ગોઠવ્યો કે જેથી અન્ય વ્યક્તિઓને તેની જાણ કરી શકાય તથા સાથે જોડાયેલી લાઇટનો રાત્રીના સમયે ઉપયોગ કરી શકાય. તેણે આ રચના અંગે એક રૂપરેખા તૈયાર કરી અને તેના એક સ્વયંસેવી શિક્ષક અને સૃષ્ટિમિત્ર માનસભાઈ દ્વારા એન.આઇ.એફ.માં અરજી કરી. અર્ચના એક ગાયિકા અને એક ચિત્રકાર છે. નૃત્ય પણ સારું જાણે છે. તે તેની શાળાના ગ્રંથાલયમાં સ્વયંસેવક તરીકે કાર્ય કરે છે. તેની ઇચ્છા ભવિષ્યમાં ડોક્ટર બનવાની તથા અભિનેત્રી બનવાની છે.



અર્ચના કોનવાર, ધો-૮, બુટકોર હાઈ સ્કૂલ, ધેમાજી, આસામ

**સાઇકલ દ્વારા સફાઈકામ**

આ નવીન વિચારમાં સાઇકલના પાછળના પૈડાની સાથે બન્ને તરફ આડા રહે તે રીતે સાવરણા જોડવાનું સૂચવવામાં આવ્યું છે. આ સાવરણા પેડલ મારવાની સાથે ફરવા લાગે છે અને તેના દાંતા દ્વારા રસ્તામાં



આવતો કચરો સાફ થાય છે. આ સાઇકલમાં આગળના ભાગે એક કચરાપેટી પણ જોડી શકાય. જેમાં મોટો





કચરો અથવા એકત્ર થયેલો કચરો ભરી શકાય.

રિયા કોઠારી, નિમરાન કાંગ, કામ્યા શર્મા
મેહર મહેતા, ધો-૬, વસંતવેલી સ્કૂલ, નવી દિલ્હી

**વાહન ઓવરટેક વખતે એલાર્મ સિસ્ટમ**



આ વિચારમાં કારના બાજુના કાચ પર એક માઇક્રોફોન ગોઠવવામાં આવે છે કે જેમાં તેની પાછળ આવતાં વાહનો અંગે વાઇબ્રેટર દ્વારા સૂચના મળી રહે છે. ઘણી વાર જ્યારે કાચ બંધ હોય અને ગાડીમાં મ્યુઝિક ચાલતું હોય ત્યારે પાછળનાં વાહનોના હોર્ન સાંભળી શકાતા નથી. આ રચનામાં કાચ સાથે જોડાયેલું માઇક્રોફોન પાછળથી કોઈ વાહન નજીક આવી જાય તો તે વાઇબ્રેશન દ્વારા સ્ટિરિંગ પર સંકેતો આપે છે કે જેથી વાહનચાલકને નજીક આવતાં અન્ય વાહનો અંગે જાણ થાય. આદિત્યે આ સિવાય પણ અનેક સંશોધનો કર્યાં છે. જેમાં કુદરતી/માનવસર્જિત લાઇટમાંથી ઊર્જા મેળવતું રિમોટ કંટ્રોલ, ઉપરાંત વાહનમાં દરેક બાજુ વાપરી શકાય તેવા બહુ ઉપયોગી માલવાહક સ્ટેન્ડનો સમાવેશ થાય છે.



આદિત્ય પરાશર, ધો-૭, ટાગોર વિદ્યા મંદિર, હોશંગાબાદ

# ઇગ્નાઇટ–૨૦૧૧

## નશો કરનાર ડ્રાઇવરને વાહન ચલાવતા અટકાવવાની પદ્ધતિ



રસ્તા પર દારૂ પીને નશામાં વાહન ચલાવવાના કિસ્સાઓ તથા તેના કારણે સર્જાતા અકસ્માતો તથા રસ્તા પર સર્જાતા મારામારીનાં દૃશ્યોના કારણે અપર્ણા તેને અટકાવવાનો કોઈ ઉકેલ શોધવા અંગે વિચારવા લાગી. તે આવા બનાવોથી ભયભીત બની ગઈ હતી. તેના કારણે તેણે નશો કરીને કોઈ વ્યક્તિ વાહન ન ચલાવી શકે તેવા એક ઉપકરણનું સર્જન કર્યું છે.



અપર્ણાની જ શાળાની અન્ય વિદ્યાર્થિની પ્રિયા તથા આર. લક્ષ્મી દ્વારા પણ આ જ પ્રકારનાં ઉપકરણ વિકસાવવામાં આવ્યાં છે.

અપર્ણા વર્મા, ધોરણ-૧૦, શ્રી રાધા ક્રિષ્ના સરસ્વતી વિદ્યા મંદિર, ઓરાઈ, ઉત્તર પ્રદેશ
પ્રિયા રાવત, ધોરણ-૧૨, સાઈ ગ્રેસ એકેડેમી ઇન્ટરનેશનલ, દહેરાદૂન, ઉત્તરાખંડ
આર. લક્ષ્મી, ધોરણ-૧૨, એટોમિક એનર્જી, ઉચ્ચતર માધ્યમિક શાળા, કલ્પક્કમ
પેટન્ટ અરજી ક્રમાંકઃ 3189/DEL/2011

## શરીરનું તાપમાન તથા લોહીનું દબાણ દર્શાવતા જેકેટની રચના

કોઈ નવીન સર્જન માટેની સ્ફુરણા કે તક માટે કોઈ સમૃદ્ધ સરનામાની આવશ્યકતા નથી, આ વાતની સાબિતી અમદાવાદના પછાત વિસ્તારની એક વિદ્યાર્થિનીના સર્જન પરથી જોઈ શકાય છે. ફરહીન બાનુ ગોમતીપુર વિસ્તારના એક સામાન્ય રિક્ષાચાલકની પુત્રી છે. તેના સમાજમાં શાળામાંથી બાળકોને વહેલાં ઉઠાવી





લેવાની પ્રથા છે, પરંતુ સદ્નસીબે ફરહીનને અભ્યાસ ચાલુ રાખવાની તક મળી. તેને ટેકનોલોજી અંગેના એક મેગેઝિનમાં લેખ વાંચ્યા બાદ તેના મગજમાં એક એવું જેકેટ બનાવવાનો વિચાર સ્ફુર્યો કે જેમાં પહેરનાર વ્યક્તિના શરીરના તાપમાન, લોહીનું દબાણ અને હૃદયના ધબકારા માપી શકાય.

અમલાએ તેના જ પરિવારમાં હૃદયરોગના કારણે બે વ્યક્તિનાં મૃત્યુને નજર સમક્ષ નિહાળ્યાં છે. આ બનાવ અમલાન માટે પ્રેરણારૂપ બની રહ્યો અને તે એવા કોઈ ઉપકરણ વિશે વિચારવા લાગી, જેનાથી દરદીને સમયસર સારવાર માટેની તક મળી શકે. અમલાન કહે છે, જો શરીરના તાપમાન અને ધબકારામાં ગંભીરતા જણાય તો તે અંગેના સંકેતો નજીકના દવાખાનામાં તાત્કાલિક પહોંચી જાય. અમલાન કહે છે, આ જેકેટમાં એવી પણ સુવિધા હોય કે તેના પરિવાર અને ડૉક્ટરને પણ દરદીની હાલતની જાણકારી મળે અને દરદી હાલ કયા સ્થળે છે તે પણ નિર્ધારિત કરી શકાય.

અલમાન જણાવે છે જ્યાં સુધી તમે કોઈ પણ શક્યતા અંગે હકારાત્મક નહિ બનો ત્યાં સુધી કશું જ પણ પ્રાપ્ત નહિ કરી શકો અને જ્યારે તમે હકારાત્મક બનશો તો તમારે જીવનમાં કોઈ જ ભય રાખવાની જરૂર નહિ પડે.

શેખ સિપાહી ફરહીન બાનુ મકબૂલ અહેમદ, ધોરણ-૧૧, એફ. ડી. ગર્લ્સ સ્કૂલ, અમદાવાદ, અમલાન અનુપમ, ધોરણ-૧૧, ડી.એ.વી. સ્કૂલ, ભુવનેશ્વર, ઓરિસ્સા

પેટન્ટ અરજી ક્રમાંકઃ 3149/MUM/2011

## પાઇપની સાફસફાઇ કરવાનું મશીન



ભંવરે નોંધ્યું કે તેના ઘરની બહાર રહેલી પાઇપમાં વારંવાર કચરો કે કપડાં ભરાઈ જવાના કારણે તે જામ થઈ જતી હતી. તેઓ પાઇપમાંથી કચરો દૂર કરવા માટે લોખંડના સળિયાવાળી પટ્ટીનો ઉપયોગ કરતા હતા, પરંતુ પાઇપમાં વળાંકવાળી જગ્યાએ કચરો યથાવત્ રહેતો હતો. આ પરથી તેને એક વિચાર સ્ફુર્યો કે જેમાં રોબોટના જેવી એક રચના હોય કે જે વાળી શકાય તથા તેમાં પાણીનો પ્રવાહ તથા આગળ સફાઈ માટે બ્રશ પણ ગોઠવાયેલા હોય અને આ રચનામાં આગળ એક કાણું પાડવા કે તોડવા માટે ડ્રિલિંગ મશીન ગોઠવવાનું પણ વિચાર્યું કે જેથી પાઇપમાં કોઈ પથ્થર

કે સિમેન્ટનો ભરાવો થયો હોય તો તેને પણ સાફ કરી શકાય. ભંવર કહે છે કે જો આ પ્રકારના કોઈ ઉપકરણ તૈયાર ન કરવામાં આવે તો દર વખતે પાઇપની સફાઈ કરવા માટે પાઇપને તોડીને તેને બદલવાનો એક જ વિકલ્પ રહે છે.
તે પાછલાં ચાર વર્ષોથી પોતાની શાળામાં વિજ્ઞાન પ્રદર્શનનું પ્રતિનિધિત્વ કરે છે અને તેમાં ઇનામો પણ જીતી લાવે છે.

ભંવર માલવિયા, ધોરણ-૧૨, બાબુલાલ શિવલાલ જોગતગર સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, પિંડવારા, રાજસ્થાન
પેટન્ટ અરજી ક્રમાંકઃ 3179/DEL/2011

## સ્ત્રીઓ માટે સુરક્ષા ઉપકરણ




ક્ષોભજનક સ્થિતિમાં આવવું તેના કરતાં સુરક્ષિત રહેવું સારું આ મંત્ર મનુના આ નવીન ઉપકરણમાં છે.
તેનો મુખ્ય વિચાર સ્ત્રીઓ માટે હાથ પર ઘડિયાળની જેમ પહેરી શકાય તેવા ઉપકરણ વિકસાવવાનો છે કે જેમાં વીજપ્રવાહ ચાલુ કરી શકાય અને તેથી મહિલા જ્યારે અસુરક્ષા અનુભવે ત્યારે તેમાંથી કરંટ પસાર કરીને હુમલો કરનારથી બચીને સુરક્ષિત જગ્યા પર ભાગી શકે. મનુ કહે છે કે, જે પોતાના જમણા હાથનો ઉપયોગ વધુ કરતા હોય તે આ ઉપકરણ જમણા હાથ પર અને ડાબા હાથની ટેવવાળા ડાબા હાથે પહેરી શકે છે. તેના કારણે તેઓ સરળતાથી હુમલાખોરને પાઠ ભણાવી શકે.

મનુ ચોપરા, ધોરણ-૧૨, જી. ડી. ગોએન્કા પબ્લિક સ્કૂલ, દિલ્હી.
પેટન્ટ અરજી ક્રમાંકઃ 3178/DEL/2011

## બહુ ઉપયોગી ખુરશી, ટેબલ



પંક્તિ અને તેની મિત્ર એકતાએ એવું ઉપકરણ તૈયાર કરવાનું વિચાર્યું છે કે જેનો ઉપયોગ વિવિધ પરિસ્થિતિમાં કરી શકાય. તેઓએ જોયું કે, ટ્રેનમાં રિઝર્વેશન વિના મુસાફરી કરવામાં તકલીફ પડે છે. આ જોઈને તેઓએ બજારમાં વિવિધ ઉત્પાદનોનો

સર્વે હાથ ધર્યો. ત્યાં તેઓએ એક એવા પ્રકારની ખુરશી જોઈ જેનો પલંગ તરીકે પણ ઉપયોગ કરી શકાય. આ જોઈ, તેમને પ્રેરણા મળી. ત્યાર બાદ તેમણે વિજ્ઞાન અને ટેક્નોલોજીને લગતાં પુસ્તકો લાવી પ્રોજેક્ટ અંગે શું થઈ શકે છે તેની તપાસ શરૂ કરી અને અંતે તેમણે પોતાના મોડલ પ્રમાણે ત્રણ નમૂનાઓનું સર્જન કર્યું.

પંકિત બી. ગામી, એકતા પટેલ, ધોરણ-૧૨, જે.એન.વી., તાપી, ગુજરાત

પેટન્ટ અરજી ક્રમાંકઃ 3150/MUM/2011

**પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓ માટેની દિશાસૂચનની પદ્ધતિ**



ડો. ડેનિસ હોંગ દ્વારા પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓ માટેની કાર તૈયાર કરવામાં આવી હતી. વિજ્ઞેશ આ નમૂનાથી અત્યંત પ્રભાવિત થયો હતો. તેણે એક વ્યાખ્યાન પરથી વિચાર્યું કે શું વ્યક્તિગત રીતે ઉપયોગ થઈ શકે તેવી દિશાસૂચક સાંકેતિક પદ્ધતિ થઈ શકે કે કેમ?

વિજ્ઞેશ આ વિચાર અંગે તેના મિત્રો મનોજ કુમાર અને રાઘવ સિમહાન સાથે પ્રયોગો ચાલુ કર્યા. તે ડો. એ.પી.જે. અબ્દુલ કલામ, સ્ટીવ જોબ્સ, રેન્ડી પૌશ તથા નિકોલો ટેસિયાને પોતાના આદર્શ માને છે. આ તમામ મિત્રોને વિડિયો ગેમ રમવાનો શોખ છે. તેઓ માસ્ટર ઇફેક્ટ-૨ અને હાફ લાઇફ પસંદ કરે છે.

તેઓ પોતાના નવરાશના સમયમાં નવીન વિચારો પર પ્રયોગો કરતા રહે છે. તેમણે પોતાની શાળામાં હની બીની એક ટીમ તૈયાર કરી છે. ઉપરાંત તેઓ શાળાનાં બાળકો માટે એક ઓનલાઇન ડેટાબેઝ તૈયાર કરવા માગે છે. વિજ્ઞેશને ગત વર્ષે ઇગ્નાઇટ સમારોહમાં તેના HADAS માટે આમંત્રિત કરવામાં આવ્યો હતો.

વિજ્ઞેશ કહે છે, હું ઇચ્છું છું કે શાળામાં થતાં સર્જનોને વધુ ને વધુ સહકાર મળે. હું મારી પોતાની કંપની શરૂ કરવા માગું છું અને નવીન સંશોધનો દ્વારા લાખો લોકોને લાભદાયી ઉપકરણોનું સર્જન કરવા માગું છું.

રાઘવ કહે છે, અમારી સમક્ષ ઘણી સમસ્યાઓ આવી હતી, પરંતુ અમે એક ટીમમાં રહી તેના ઉપર કામ કરતા રહી તેનું નિરાકરણ લાવ્યા છીએ, પરંતુ

અમને વધુ સહકારની આવશ્યકતા છે.

વિજ્ઞેશ આર., મનોજકુમાર, રાઘવ સિમહાન, ધોરણ-૧૧,
પદ્મા શેષાદ્રિ બી.વી.બી., ચેન્નાઈ, તમિલનાડુ
પેટન્ટ અરજી ક્રમાંકઃ 3837/CHE/2011

## દવાઓના વપરાશની મુદત સમાપ્ત થવા પર સ્વયં રંગ બદલાય



શ્વેતાએ પોતાના ઘરમાં દવાઓનું કબાટ સાફ કરતી વખતે જોયું કે તેમાંથી ઘણી બધી દવાઓની તારીખ પૂરી થઈ ગઈ હતી. તેણે વિચાર્યું કે ક્યારેક જોયા વગર તે આવી દવાઓ ઉતાવળમાં કે ભૂલથી લઈ શકે છે. તેને લાગ્યું કે જો શિક્ષિત વ્યક્તિ આવી ભૂલ કરી શકે તો અભણ વ્યક્તિ તો સરળતાથી આવી જૂની દવાઓ લઈ લે. આ પરથી તેને એક વિચાર સ્ફુર્યો કે જો દવાઓના કાગળ પર એવું રસાયણ લગાવવામાં આવે કે જે તેની નિશ્ચિત વપરાશની તારીખ પછી ઓગળી જાય અને તેના કાગળ પર સરળતાથી ફેલાઈ જાય, જેથી એક્સપાયર થયેલી દવા અલગ તારવી શકાય.




જાસકિરણ દ્વારા પણ કંઈક આવો જ વિચાર રજૂ કરવામાં આવ્યો છે. તેણે એક વાર ટીવી પર જોયું કે એક અભણ વ્યક્તિ દર્દીને જૂની એક્સપાયર થઈ ગયેલી તારીખવાળી દવા આપી રહી છે. તેના પરથી તેને લાગ્યું કે દવાના પેકેટ પર એવું રસાયણ લગાવવું જોઈએ કે જેમાં નિશ્ચિત તારીખ બાદ તેનો રંગ બદલાઈ જાય.

શ્વેતા શર્મા અને જાસકિરણ ગોરિયા, ધોરણ-૯, પોલીસ ડી.એ.વી કોલેજ, જલંધર, પંજાબ.
પેટન્ટ અરજી ક્રમાંકઃ 3170/DEL/2011

## ગાડી ઢાંકવાનું કવર



પુબેશ ઘણી વાર તેના મિત્રને ગાડીનું કવર ચડાવવામાં મદદ કરતો હતો અને તે બંને માટે આ કામ ઘણું જ અઘરું બની જતું હતું. આ સમસ્યાનો ઉકેલ શોધવા માટે પુબેશે કાર

કવરના બેથી ત્રણ જેટલા વિવિધ નમૂનાઓ તૈયાર કરી જોયા અને અંતે એક શ્રેષ્ઠ ડિઝાઇન તૈયાર કરી.

એસ. આર. પુબેશ ગૌતમ, ધોરણ-૮, અશોક લેલેન્ડ સ્કૂલ, ક્રિશ્નાગિરિ, તમિલનાડુ,
પેટન્ટ અરજી ક્રમાંકઃ 3829/CHE/2011

**ચોખા તથા અનાજ સાફ કરવાનું મશીન**



સાજિદ જ્યારે શાળાએથી ઘેર આવતો ત્યારે તે હંમેશાં તેની માતાને ચોખા સાફ કરવાની એક કપરી કામગીરી કરતાં નિહાળતો. તે હંમેશાં એવું કોઈ મશીન તૈયાર કરવા અંગે વિચારતો રહેતો કે જે તેની માતાને તેના કામમાં મદદ કરી શકે. આ અંગે સતત પ્રયોગો કર્યા બાદ તેણે ડિસેમ્બર, ૨૦૧૦માં ચોખા સાફ કરવાનું તથા તેનો સંગ્રહ કરવાનું એક ઉપકરણ તૈયાર કર્યું. આ નમૂનો તૈયાર કરતાં સાજિદને ઘણી જ મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. ક્યારેક મોટરને જોડવા માટે અને ફિટ કરવા માટે ચોક્કસ માપ ન મળવાના કારણે તેને ઘણી બધી બોટલો તોડીને ચોક્કસ માપનો કાચ વચ્ચે બેસાડવો પડતો હતો, પરંતુ નિરંતર મહેનત કરી હાર્યા વિના તેણે અંતે આ મોડલ તૈયાર કર્યું. સાજિદ કહે છે, હું પ્રત્યેક કામગીરીને એકદમ સરળ બનાવવા ઇચ્છું છું કે જેથી કોઈ પણ વ્યક્તિને કામ કરવામાં તકલીફ ન પડે. મને નવીન વસ્તુઓ જાણવાનો અને સર્જન કરવાનો ઘણો જ શોખ છે.

મોહમદ સાજિદ અન્સારી, ધોરણ-૭ ગુરુનાનક સ્કૂલ, રાંચી, ઝારખંડ,
પેટન્ટ અરજી ક્રમાંકઃ 1075/KOL/2011

**ફેરફાર થઈ શકે તેવા પાયાવાળી ચાલવાની ઘોડી**

શાલિનીના દાદા ચાલવામાં સરળતા રહે તે માટે વોકરનો ઉપયોગ કરે છે. તેઓ માત્ર સપાટ જમીન પર જ વોકરનો ઉપયોગ કરી શકે છે. સીડીઓ ચડવામાં આ ઘોડી કામમાં આવતી નથી. આ સમસ્યા જોઈને શાલિનીને ફેરફાર થઈ શકે અને સીડીઓ પર ચડી શકાય તેવું વોકર બનાવવાનો વિચાર આવ્યો. તેણે પોતાના આ

વિચાર પરથી કોઈ નમૂનો તૈયાર કર્યો નથી, કારણ કે આ કાર્ય માટે ટેક્નિકલ સહાય તથા નાણાકીય મદદની આવશ્યકતા છે.





શાલિની કુમારી, ધોરણ-૮, હારતમાન ગર્લ્સ સ્કૂલ, પટના, બિહાર

પેટન્ટ અરજી ક્રમાંકઃ 1434/KOL/2011

## વિવિધ સમયે લેવાની દવાઓ યાદ કરાવતું બોક્સ



ત્રણ નવીન સર્જનો, ત્રણ નવીન વિચારો, એટલે કે બગાડવું નહિ, વધુ વાપરવું નહિ. આ વિચારધારાના આધારે મોહિતે પાણીના નળ સાથે જોડી શકાય અને નિયત કરેલ પાણી જ વહે તેવું ઉપકરણ તૈયાર કર્યું છે. તેના અન્ય સર્જનમાં દવાઓના બોક્સ ઉપર એક સમયસૂચક ઉપકરણને લગાવ્યું છે કે જેમાં વિવિધ સમયે લેવાની દવાઓ અંગે વ્યક્તિને જાણકારી મળતી રહે. તેમાં બ્લડપ્રેશર અને સુગરની તપાસ કરવાની સૂચના પણ મળી રહે તેવી વ્યવસ્થા છે. તેના ત્રીજા સંશોધન અંગેની પ્રેરણા તેના અવલોકનના આધારે મળી. શિયાળામાં તેના પિતા જે ગાડી ચલાવતા હતા તેમાં તેના કાચ ઝાંખા થઈને ભૂખરા બની જતા હતા. તેના કારણે સ્પષ્ટ જોવામાં તકલીફ પડતી હતી. તેણે વિચાર્યું કે જો ગાડીની બહારની તરફ વાઇપર લગાવી શકાય તો અંદરની તરફ પણ તેનો ઉપયોગ થઈ શકે.



મોહિત સિંઘ, ધોરણ-૧૦, દિલ્હી પબ્લિક સ્કૂલ, સીધી, મધ્ય પ્રદેશ

પેટન્ટ અરજી ક્રમાંકઃ 3151/MUM/2011

## નોબની સાઈઝમાં ફેરફાર કરી શકાય તેવી પેન



રીમઝીમે જોયું કે પોસ્ટર પર પીંછીથી લખાણ કરવામાં સરળતા રહેતી નથી. બ્રશના ઉપયોગથી તમામ અક્ષરો એકસમાન રહેતા નથી. આથી તેને એક એવી પેનનો વિચાર આવ્યો કે જેમાં એકસમાન અક્ષરો પેન જેટલી જ સરળતાથી, પરંતુ વધુ જાડા અક્ષરોમાં પોસ્ટર પર લખાણ થઈ શકે.

આ નમૂનો તૈયાર કરવામાં રીમઝીમને કાપવાના તથા વ્યવસ્થિત જોડાણ કરવાના કામમાં ઘણી જ તકલીફ પડી. વિજ્ઞાન અને ગણિત તેના પસંદગીના વિષયો છે અને તે આગળ જઈને એરોનોટિકલ એન્જિનિયર બનવા ઇચ્છે છે. રીમઝીમ કહે છે, હું નવીન અને ઉપયોગી સંશોધનો દ્વારા મારા દેશને વિકસિત દેશ બનાવવા ઇચ્છું છું.

રીમઝીમ બરુઆ, ધોરણ-૮, પ્રાગજ્યોતિકા ઇંગ્લિશ સ્કૂલ, જોરહત, આસામ

પેટન્ટ અરજી ક્રમાંકઃ 1433/KOl/2011

## પ્રજ્ઞાચક્ષુઓને મદદરૂપ થઈ શકે તેવું ઉપકરણ




જ્યોતિને તેના પડોશમાં રહેતા એક અંધશાળાના વિદ્યાર્થીની તકલીફ જોઈને તેને મદદરૂપ થઈ શકે એવા કોઈ ઉપકરણ તૈયાર કરવાની પ્રેરણા મળી. કેટલાક વિદ્યાર્થીઓ ગ્લુકોમાની ખામીથી પીડાતા હતા. તે આવી વ્યક્તિઓ માટે કંઈક કરવા માગતો હતો. તેને આ વિષયમાં વિશેષ સાહિત્ય ઉપલબ્ધ ન હોવાના કારણે પૂરી જાણકારી મેળવવામાં ઘણી તકલીફ પડી. આ ઉપરાંત તેની પાસે પ્રોગ્રામિંગ સોફ્ટવેર વિશે કોઈ વિશેષ માહિતી પણ નહોતી, પરંતુ તેણે પોતાની જાતે ઇન્ટરનેટના ઉપયોગથી માહિતીની શોધખોળ ચાલુ રાખી.

જ્યોતિ કહે છે, હું ઇલેક્ટ્રોનિકસ વિષયમાં વૈજ્ઞાનિક બનવા માગું છું.

જ્યોતિ રંજન સાહુ, ધોરણ-૯, ડી.એ.વી. પબ્લિક સ્કૂલ, ભુવનેશ્વર, ઓરિસ્સા

પેટન્ટ અરજી ક્રમાંકઃ 1429/KOL/2011

## સ્વચ્છ હવા માટેનું મશીન



બ્રાહદિસે નોંધ્યું કે વપરાશમાં જે પંખા જોવા મળે છે તેમાં રૂમમાં ચારેય ખૂણે હવા પહોંચતી નથી. તેણે એક એવા મશીનનું નિર્માણ કરવાનું વિચાર્યું કે જેમાં રૂમમાં ચારે બાજુ હવા પ્રસરાવી શકાય અને તેમાં એસી અને પંખા બંનેની કામગીરી થઈ શકે. તેણે પોતાના વિચારો પર કામગીરી કર્યા બાદ એવા મશીનનું નિર્માણ કર્યું કે જે કદમાં તદ્દન નાનું હોય કે જેથી તેને સરળતાથી હેરફેર કરી શકાય અને દિવસના સમયે તે ઘરના કોઈ પણ રૂમમાં ગોઠવીને રાત્રિ દરમિયાન બેડરૂમમાં લઈ જઈ શકાય. હેરફેરની સગવડ એ તેનો સૌથી મહત્વનો ઉપયોગ છે.

જી. બ્રાહદિસ, ધોરણ-૧૨, ધ વેલામ્મલ ઇન્ટરનેશનલ સ્કૂલ, થિરુવેલ્લુર, તમિલનાડુ

પેટન્ટ અરજી ક્રમાંકઃ 2768/CHE/2011

## ૧૨૦ ઉપરાંત નવીન વિચારો

હિમાંશુ કહે છે કે, આપણા રોજબરોજના જીવનમાં હંમેશાં એવું જોવા મળે છે કે આપણને ઘણો બધો સામાન હેરફેર કરવાની આવશ્યકતા ઊભી થાય છે. આ તમામ સામાન અલગ અલગ કદનો હોય. અત્યાર સુધી પૈડાંવાળા સ્ટ્રોલર વપરાશમાં જોવા મળે છે, પરંતુ આ સ્ટ્રોલરની સાથે જો ટ્રોલી જોડવામાં આવે તો આપણે તેમાં અલગ અલગ કદનો ઘણો સામાન ગોઠવી શકીએ. તેનાથી બે ફાયદા થશે, પ્રથમ તો તેમાં સામાનના નંગ ઘટી જશે અને બીજું તેનાથી ઘણી જ સરળતાથી સામાન ફેરવી શકશે.



હિમાંશુ કહે છે કે, એક એવી પદ્ધતિ વિકસાવવી જોઈએ કે જેથી કોઈ પણ વ્યક્તિને કોઈ પ્રશ્ન ઉદ્‌ભવે તો એનઆઇએફને તે

પ્રશ્ન લખી મોકલાવે અને ત્યાર બાદ એનઆઇએફ દ્વારા આ પ્રશ્નોનું વ્યાપક વિવરણ ઓનલાઇન મૂકવામાં આવે, કારણ કે કોઈ એક ગામમાં કોઈ વ્યક્તિને જે પ્રશ્ન નડતો હોય તે જ પ્રશ્ન અન્ય સ્થળે કે શહેરમાં કોઈ બીજી વ્યક્તિને પણ નડતો હોય અને તે વ્યક્તિ પાસે કદાચ તેનો ઉકેલ પણ હોય. ઉપરાંત કોઈ નબળા વિચારોને પણ પુનરાવર્તિત દર્શાવતા રહેવું જોઈએ કે જેથી તેમાં સુધારો-વધારો થઈ શકે. આ પ્રક્રિયાના કારણે એનઆઇએફ પાસે પ્રતિ વર્ષ આવતા નવીન વિચારોની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થશે. હિમાંશુ કહે છે, હું મારી શાળામાં હની બી. ક્લબ શરૂ કરવા માંગું છું. હું ભવિષ્યમાં ઇલેક્ટ્રિકલ એન્જિનિયર બનીને વિજ્ઞાન અને ટેકનોલોજીના વિષયમાં કામ કરવા માગું છું.

હિમાંશુ વર્મા, ધોરણ-૮, મયૂર સ્કૂલ, જી.બી. નગર, યુ.પી.
પેટન્ટ અરજી ક્રમાંકઃ 3180/DEL/2011

## પિન ખલાસ થઈ ગયેલ છે તેમ સૂચવતું સ્ટેપલર



અંકિતા એક દિવસ કાગળને સ્ટેપલર પિન કરવાનું કામ કરી રહી હતી. અચાનક તેની પિન ખલાસ થઈ ગઈ. તેના પિતાએ તેને પૂછ્યું કે પિન ખલાસ થઈ ગઈ છે તો તને શા માટે ખબર ના પડી. તેના પિતાએ તેને અગાઉથી સ્ટેપલરની પિન પૂરી થઈ ગઈ છે તેમ જાણી શકાય તેવો કોઈ ઉકેલ શોધી કાઢવા કહ્યું. ત્યાર બાદ અંકિતાએ છેલ્લી ત્રણ પિનોને નેઈલ પોલિશથી રંગી નાખી, પરંતુ આ રંગ વધુ ફેલાઈ જતો હોઇ તેણે પિનને એક માર્કર પેન વડે કાયમી નિશાન કરી દીધું કે જેથી પિન જેવી પૂરી થવા આવે તે પહેલાં જ ખબર પડી જાય. આ એક સરળ અને વિનામૂલ્યે ઉપયોગમાં લઈ શકાય તેવી પદ્ધતિ છે.

અંકિતા નાગરકર, ધોરણ-૧૦, સેન્ટ. ઉર્સુલા હાઈ સ્કૂલ, પુણે, મહારાષ્ટ્ર
પેટન્ટ અરજી ક્રમાંકઃ 3152/MUM/2011

## વ્યાયામ અને ટીવી જોવાનો સમય દર્શાવતું યંત્ર

છાવી હંમેશાં તેના ઘરમાં ટીવી જોવા બેસી રહેતી અને તેનાં માતાપિતા હંમેશાં તેને ટીવી બંધ કરીને બહાર જઈને રમવા માટે ટોકતાં રહેતાં. તેમના સતત દબાણના કારણે છાવીએ એક રસ્તો શોધી કાઢ્યો કે તેણે જૂતામાં તથા ટીવીમાં

સમય સૂચવી શકે તેવી ગોઠવણ કરી. આમ ટીવી જોવામાં અને બહાર રમવામાં કેટલો સમય પસાર થયો તે સરળતાથી જાણી શકાય.





છાવી, ધોરણ- ૯, પોલીસ ડીએવી કોલેજ, જલંધર, પંજાબ
પેટન્ટ અરજી ક્રમાંકઃ 3172/DEL/2011

## હેલ્મેટ પહેરો પછી જ બાઇક ચાલુ થશે



ધોણ-૧૧, સરકારી ગર્લ્સ હાઈસ્કૂલ, તિરુવરુર, તમિલનાડુ
હેલ્મેટ પહેર્યા વિના ગંભીર રોડ અકસ્માતો વિશે વિચારતાં આ શોધનો ઉદ્ભવ થયો છે. હેલ્મેટ જો પહેરેલી હોય તો ટુ-વ્હીલર પર સવારના જીવનું જોખમ ઘટે છે. એસ.એમ. અર્થી, વિનોથા, લૈલા બાનુએ એવી સર્કિટની શોધ કરી છે કે હેલ્મેટ અને બાઇકના કાર્બોરેટર સાથે ગોઠવણ કરી શકે, ચાલક હેલ્મેટ પહેરે તો જ બાઈક ચાલુ થાય. જ્યાં સુધી બાઈક ચાલક હેલ્મેટ પહેરે નહીં ત્યાં સુધી બાઈક ચાલુ થતું નથી.

એસ.એમ. અર્થી, વિનોથા, લૈલા બાનુ
પેટન્ટ અરજી ક્રમાંકઃ 3836/CHE/2011

## ચાદર અને પડદાને નિચોવી શકાય તેવું મશીન

ધવલાને તેની માતા ચાદર નિચોવવા માટે હંમેશાં વાંકી વળીને કામ કરતી જોઈને તેના કમરના દુખાવા અંગે ચિંતા થતી. તેની માતા અને અન્ય વૃદ્ધ વ્યક્તિઓની તકલીફ દૂર કરવા માટે ધવલાને નવીન સર્જન તૈયાર કરવાનો વિચાર આવ્યો. ધવલાએ મોટી ચાદરોને નિચોવી શકાય તેવી એક રચનાનું સર્જન કર્યું છે.





ધવલા, ધોરણ-૭, સાગર વિદ્યામંદિર, ઉડુપી,કર્ણાટક
પેટન્ટ અરજી ક્રમાંકઃ 3819/CHE/2011

# ઇગ્નાઇટ–૨૦૧૨

## માનસિક તણાવ માપી શકે તેવા યંત્રનો વિચાર



અંકિતા અને હિમાંશુ દ્વારા એવો વિચાર રજૂ કરવામાં આવ્યો છે કે વિદ્યાર્થીઓના માનસિક તણાવને માપી શકે તેવું યંત્ર બનાવવું જોઈએ. આમ કરવાથી વિદ્યાર્થીઓની માનસિક હાલત બાબતે શિક્ષકો અને વાલીઓ અવગત રહી શકે.



અંકિતા અરોરા, ધોરણ-૧૦
પબ્લિક ડી.એ.વી.સ્કૂલ, જલંધર, પંજાબ
પરમાર હિમાંશુ જિતેશભાઈ, ધોરણ-૧૦
પંડિત નહેરુ વિદ્યાવિહાર, અમદાવાદ, ગુજરાત
પેટન્ટ ક્રમાંક 3387/DEL/2012

## લાઇસન્સ વિના વાહન ચાલુ જ ન થાય તેવી રચના

ઘણાં બાળકોએ પોતાનાં અલગ અલગ નિરીક્ષણમાં જોયું કે મોટાઓ ઘણી વખત લાઇસન્સ લીધા વિના જ વાહન ચલાવતા હોય છે, ત્યારે તેઓએ એવા વિકલ્પ



અંગે વિચાર્યું કે, જો વાહન ચાલક પાસે પ્રમાણિત લાઇસન્સ હોય તો જ વાહન ચાલુ થઇ શકે તેવી રચના વાહનની અંદર જ હોવી જોઇએ. જ્યાં સુધી લાયસન્સ ધારક પોતાનું રહેલ લાયસન્સ ઇન્સર્ટ ન કરે ત્યાં સુધી વાહન ચાલુ ન થાય તેવી રચના/વિચાર રજૂ કર્યો છે.



શિવ શંકર કુમાર-પટના, રવિ રાજન-પટના, વર્ષા કુમારી-પટના, જ્યોતિ ધિલ્લોન-રેવારી, દુર્ગેશ કુમાર-બેગુસરાઈ, જી. કૃષ્ણકુમાર-થિરુવરુર

પેટન્ટ ક્રમાંક 3408/DEL/2012

## સહાયક પેડલ ધરાવતી સાયકલ

અર્ણવ હાલમાં જ કલકત્તામાં રહેવા આવ્યો છે. તેણે જોયું કે રસ્તા પર ખૂબજ ભારે વજનવાળી વ્યક્તિ સાઇકલ રિક્ષામાં બેઠી હોય અને રિક્ષાચાલક તેને ચાલીને ખેંચી રહ્યો હોય. આ સ્થિતિ તેને અકળાવનારી લાગી. તેને થયું કે જે વ્યક્તિ રિક્ષામાં બેઠી છે તે પણ રિક્ષાચાલકની મદદ કરી શકે તે માટે પણ પેડલ હોવાં





જોઈએ, જેથી પાછળ બેઠેલી વ્યક્તિ પણ પૈડાંને ચલાવીને ભાર ખેંચવામાં મદદરૂપ બની શકે. આ પેડલ પેસેન્જર સીટની એકદમ નીચે રાખવામાં આવે અને તેને પેડલ રિક્ષામાં પાછળનાં પૈડાં સાથે જોડવામાં આવે છે.

અર્ણવ ચક્રવર્તી, ધોરણ ૧૨
ફ્યુચર ફાઉન્ડેશન સ્કૂલ, કલકત્તા પશ્ચિમ બંગાળ
પેટન્ટ ક્રમાંક 1281/KOL/2012

## ખેંચીને સમેટી શકાય તેવું ટોઇલેટ



શહેરોમાં જે લોકો નાનાં ઘરોમાં રહે છે તેઓ માટે શ્વેતા એક નવીન વિચાર રજૂ કરે છે. નાનાં ઘરોમાં રૂમની જગ્યા વધાર્યા વિના એક દીવાલમાં જ સમાવી શકાય તેવા પોર્ટેબલ અને મુવેબલ ટોઇલેટનો વિચાર તેણે રજૂ કર્યો છે. આ ટોઇલેટનો ઉપયોગ હોય ત્યારે દીવાલમાંથી બહાર ખેંચી શકાય અને ઉપયોગ બાદ ફરીથી સમેટી દીવાલમાં ઊભું કરી શકાય એવો વિચાર તેણે સૂચવ્યો છે.



શ્વેતા વર્મા, ધોરણ-૯
જ્ઞાનસ્થલી પબ્લિક સ્કૂલ, ઝાંસી, ઉત્તર પ્રદેશ,
પેટન્ટ ક્રમાંક 3448/DEL/2012

## મુલાકાતીને ઓળખી આપતી ડોરબેલ વ્યવસ્થા



રાજશ્રીએ મુલાકાતીની વ્યક્તિગત ઓળખ મેળવી શકાય તેવી રીતે ડોરબેલમાં અલગ અલગ રિંગટોન ગોઠવવાનો નવીન વિચાર રજૂ કર્યો છે કે જેથી તમે બેલ વાગતાંની સાથે જ રિંગટોન પરથી દરવાજો ખોલ્યા વિના જ જાણી શકો કે મુલાકાતી કોણ હશે. આ ડોરબેલ

વ્યવસ્થામાં વિવિધ વ્યક્તિઓ માટે અલગ અલગ કોડ આપવામાં આવ્યા છે અને જ્યારે મહેમાન દ્વારા તેમના કોડ પર બેલ વગાડશે કે તરત જ તેના આગવા અવાજવાળો ડોરબેલ વાગશે.

રાજશ્રી ચૌધરી, ધોરણ-૫
લિટલ ફ્લાવર સ્કૂલ, જમશેદપુર, ઝારખંડ,
પેટન્ટ ક્રમાંક 1282/KOL/2012



## અંધ વ્યક્તિને માહિતી આપતું સાધન



સુર્વેશે એવા સનગ્લાસ તૈયાર કરવાનો વિચાર રજૂ કર્યો છે કે, જેની મદદથી સામેની વ્યક્તિ કે પદાર્થને ઓળખી શકાય છે. આ સનગ્લાસમાં એક કેમેરા ગોઠવાયેલ હોય છે કે જે તેની સમક્ષ પ્રથમ વખત આવતી વ્યક્તિ કે પદાર્થને રેકોર્ડ કરી શકે અને તેની નામ સાથે નોંધ કરી શકે. આ સંગ્રહિત ડેટામાંથી ઇમેજ પ્રોસેસિંગ સોફ્ટવેર દ્વારા આ વ્યક્તિને ઓળખી અને તેની જાણ અંધ વ્યક્તિને બોલીને કરવામાં આવશે. ઉપરાંત આ ઉપકરણની મદદથી ઓનલાઇન અન્ય સાધનોની ઓળખ પણ કરી શકશે.

સુર્વેશ, ધોરણ-૧૦,
ધ હિંદુ કોલોની ચેન્નામલ વિદ્યાલય, ચેન્નાઈ, તામિલનાડુ
પેટન્ટ ક્રમાંક 4650/CHE/2012



## રીક્ષામાં ચડવા માટેની સરળ વ્યવસ્થા



માનસીએ જયારે જોયું કે તેનાં દાદીને રિક્ષામાં ચઢવામાં ઘણી જ તકલીફ પડે છે. તેમની આ મુશ્કેલી દૂર કરવા માટે તેણે એક

વધારાની અને નાનકડી ફોલ્ડ કરી શકાય તેવી નિસરણીને જોડવા અંગે વિચાર્યું, જેના દ્વારા ઉંમરલાયક વ્યક્તિઓ કે જેમને રિક્ષામાં ચઢવામાં તકલીફ પડતી હોય તેઓ સરળતાથી રિક્ષામાં ચઢી શકે છે.



માનસી પ્રિય, ધોરણ-૧૧
ડી.એ.વી.કપિલ દેવ, રાંચી, ઝારખંડ
પેટન્ટ ક્રમાંક 1283/KOL/2012

## મોબાઇલથી મોબાઇલ ચાર્જર



રાની, સંજય અને મનોજે મોબાઇલથી અન્ય મોબાઇલમાં ચાર્જિંગ ટ્રાન્સફર થઈ શકે તેવો વિચાર રજૂ કર્યો છે. આ ટેક્નિક દૂરના અંતરિયાળ પ્રદેશોમાં મુસાફરી કરતી વખતે સંપર્ક જાળવી રાખવા માટે ખૂબજ ઉપયોગી સાબિત થઈ શકે તેમ છે.



રવિ દુહાન, મનોજ કુમાર, સંજય રાઘવ
એસ.ડી. એસ.એસ.એસ. રેવારી હરિયાણા
પેટન્ટ ક્રમાંક 3388/DEL/2012

## બહુઉપયોગી ટેન્ટ (તંબુ)



રિષભે મસૂરીમાં પર્વતારોહણ દરમિયાન વિવિધ પ્રકારે ઉપયોગ થઈ શકે તેવા ટેન્ટની રચનાનો વિચાર કર્યો છે. આ ડિઝાઇનમાં ટેન્ટને તરાપામાં બદલી શકાય અને તેને શિયાળામાં અને ઉનાળા એમ બંને ઋતુઓમાં ઉપયોગ કરી શકાય. આ ઉપરાંત તેમાં પોર્ટેબલ સોલાર પેનલ પણ ગોઠવી શકાય, જેથી દિવસ દરમિયાન તેમાં સૂર્યઊર્જાનું સર્જન અને સંગ્રહ થઈ શકે

અને રાત્રિ દરમિયાન તેના દ્વારા ટેન્ટમાં લાઇટ મળી રહે.



રિષભ ગુપ્તા- ધોરણ-૧૦,
દિલ્હી પબ્લિક સ્કૂલ, જમ્મુ કાશ્મીર
પેટન્ટ ક્રમાંક - 3449/DEL/2012

## ફેરફાર કરી શકાય તેવાં રોડ ડિવાઈડર



ટ્રાફિક જામના કારણે અનેક તકલીફ સર્જાય છે. આ પ્રશ્નના નિરાકરણ માટે કરિશ્મા અને સિદ્ધાર્થે અલગ અલગ રીતે પરંતુ એકસમાન વિચાર રજૂ કર્યા છે. તેમાં રસ્તા પર ફેરફાર કરી શકાય તેવાં ડિવાઇડર ગોઠવવા અંગે વિચાર રજૂ કરવામાં આવ્યો છે. તેમાં માર્ગ પર નિશ્ચિત દિશામાં ટ્રાફિકના પ્રવાહના આધારે ડિવાઇડરને જમણી કે ડાબી તરફ વાળી શકાય છે. તેના કારણે ટ્રાફિકમાં ઘટાડો થઈ શકે છે.



એસ. કરિશ્મા, ધોરણ-૮ ભાટિયા વિદ્યા ભવન, હૈદરાબાદ,
સિદ્ધાર્થ પાલ, ધોરણ-૧૧ સાઈ ગ્રેસ એકેડેમી, દેહરાદૂન
પેટન્ટ ક્રમાંક 4651/CHE/2012

## ઘોંઘાટને પારખી શકે તેવો હેડફોન

અહીં વિદ્યાર્થીઓ દ્વારા એક નવીન પ્રકારના હેડફોનનો વિચાર રજૂ કરવામાં આવ્યો છે, જેમાં હેડફોનની સાથે એક સેન્સર જોડાયેલું હોય કે જેમાં હેડફોનનો ઉપયોગ કરનાર વ્યક્તિને વધારાના અવાજો, જેવા કે હોર્ન કે એલાર્મ વગેરેની માહિતી આપે છે. અન્યથા હેડફોન દ્વારા વાત ચાલુ રાખનાર વ્યક્તિ અન્ય



અવાજોથી બેધ્યાન રહે છે, જેથી માર્ગ અને રેલવેના અકસ્માતો થતા હોય છે.



અમિત ડાંગ, નમન જૈન, માનવ મિત્રા, ઉત્કર્ષ વોરા, સેહાઈ કટારિયા, લક્ષ્ય કૌર, ધોરણ-૮, વસંત વેલી સ્કૂલ

પેટન્ટ ક્રમાંક 3447/DEL/2012

## પાણીના વધઘટ થતા સ્તરમાં પણ કામ કરે તેવો હેન્ડપંપ

કૃપેશ અને બિશ્વજિત માટે હંમેશા ચોમાસાની ઋતુમાં બોરવેલમાં કાદવવાળું પાણી ભરાઈ જવાની સમસ્યા રહેતી. તેમણે આ સમસ્યાના સમાધાનરૂપે હેન્ડપંપમાં કેટલાક ફેરફાર કર્યા. હેન્ડપંપના પ્લેટફોર્મને એવી રીતે ગોઠવ્યું કે પાણીના સ્તરની વધઘટની સાથે હેન્ડપંપ પણ ઊંચો-



નીચો થાય, જેથી કાદવ ભરાઈ શકે નહીં. આમ થવાથી બહારનું વરસાદનું પાણી બોરવેલમાં ઉપરથી પડતું નહોતું અને પીવાનો સ્રોત સ્વચ્છ રહેતો હતો.

કૃપેશ સ્વાઇન, કુમાર બિશ્વજિત, ધોરણ-૮
ડી.એ.વી. પબ્લિક સ્કૂલ, ભુવનેશ્વર, ઓરિસ્સા
પેટન્ટ ક્રમાંક 1280/KOL/2012





## ફેરફાર થઈ શકે તેવો પેઇન્ટિંગ બ્રશ

એકતાપ્રિતે પેઇન્ટકાર્યમાં વિવિધ જાડાઈનાં બ્રશ રાખવાની સમસ્યામાંથી ઉકેલ વિચાર્યો છે. એક જ બ્રશમાં વિવિધ જાડાઈની પીંછીનો ઉપયોગ થઈ શકે તે રીતે





તેને ગોળ ફેરવીને માપમાં વધઘટ કરી શકાય છે. તેનું માનવું છે કે આ પ્રકારના બ્રશના ઉપયોગથી ચિત્રકારોને ઘણી જ સરળતા રહેશે અને તેઆને સાધનોને અલગ-અલગ સાચવવાની કામગીરીમાંથી રાહત મળશે.



એકતાપ્રીત કૌર સિનિ, ધોરણ-૯,
પોલીસ ડી.એ.વી. સ્કૂલ, જલંધર પંજાબ
પેટન્ટ ક્રમાંક 3389/DEL/2012

## ઘરની ઉપર લાગેલી પવનચક્કીથી પંખો ફરશે



મોંઘી વીજળી અને વારંવાર વીજળી જતી રહેવાના કારણે ઘરમાં પંખો બંધ હાલતમાં જોઈને ઉસ્માનને વિચાર આવ્યો કે જો આ પંખાને છત પર ગોઠવેલી પવનચક્કીના રોડ સાથે જોડી શકાય તો ઘરમાં પણ વગર વીજળીએ પંખો ચાલી શકે છે.

મો. ઉસ્માન હનીફ પટેલ, ધોરણ -૨
તાપ્તિ પબ્લિક સ્કૂલ, જલગાંવ મહારાષ્ટ્ર
પેટન્ટ ક્રમાંક 3211/MUM/2012

## મજૂરો માટે ગાદીવાળુ હેલ્મેટ

શાળાએ જતી વખતે સિદ્ધાર્થ હંમેશા બાંધકામના સ્થળ પર માથા પર વજનદાર



વજનનું દબાણ કઈ રીતે ઘટાડી શકાય અને સુરક્ષિત રહે તેવા કોઈ વિકલ્પ અંગે વિચારતો.

આ વિચારથી પ્રેરિત થઈ સિદ્ધાર્થે એક હેલ્મેટ તૈયાર કર્યું કે જેમાં અંદરની તરફ નાનકડી ગાદી જોડાયેલ હોય છે કે જેથી માથા પર પડતું દબાણ હળવું કરી શકાય અને તે સાથે હેલ્મેટમાં એક અંતર્ગોળ વળાંક રાખવામાં આવ્યો છે કે જેથી વજનને સરળતાથી વહેંચી શકાય.



જી. જીવન સિદ્ધાર્થ
શ્રીસ્તી વિદ્યાશ્રમ, વેલ્લોર, તામિલનાડુ
પેટન્ટ ક્રમાંક 4652/CHE/2012

એન.આઇ.એફ.

# રાષ્ટ્રીય નવીનીકરણ પ્રતિષ્ઠાન (રા.ન.પ્ર.)

## સર્જનશીલતાનો સન્માનોત્સવ: સાતમી રાષ્ટ્રીય હરીફાઈ

સૃષ્ટિ

અંતરિયાળ ગામડાં તથા ગરીબ અને પછાત વિસ્તારોમાં એવાં ઘણાં સ્ત્રી-પુરુષો છે, જેઓ પોતાની કોઠાસૂઝ, મહેનત, ધૈર્ય અને અપાર જિજ્ઞાસાથી અનેક સમસ્યાઓના ઉકેલ શોધતાં રહેતાં હોય છે. ગામડાંના આવા વણઓળખાયેલા પ્રતિભાસંપન્ન ગ્રામીણ સંશોધકો, દેશી વૈદ્યો, જ્ઞાનસંપન્ન શતાયુ માતાઓ, પ્રતિભાવંત પ્રાથમિક શિક્ષકો, ગ્રામીણ કારીગરો વગેરે વીરલાઓને શોધી તેમના જ્ઞાનનું સંકલન કરી, સન્માનવા અને પુરસ્કૃત કરવાના ઉદ્દેશથી ભારત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગે વર્ષ ૨૦૦૦માં રા.ન.પ્ર.ની સ્થાપના કરી છે. આ પ્રતિષ્ઠાન પરંપરાગત જ્ઞાન આધારિત પદ્ધતિઓ અને નવીન સંશોધનોનું એક રાષ્ટ્રીય રજિસ્ટર તૈયાર કરે છે. પરંપરાગત જ્ઞાન અને સ્થાનિક નવસંશોધનોના બૌદ્ધિક સંપત્તિના હકના રક્ષણ માટે જરૂરી પગલાં લેવાં, જેમ કે ગ્રામીણ સંશોધકના નામે પેટન્ટ નોંધાવવો અને ડિઝાઇનની નોંધણી, મૂલ્યવૃદ્ધિ અને જાહેર સન્માન જેવાં કાર્યો કરે છે.

### પુરસ્કાર

પ્રત્યેક વિવિધ શ્રેણીમાં પ્રથમ ત્રણ શ્રેષ્ઠ નવસંશોધનો અને પરંપરાગત જ્ઞાન આધારિત વિશિષ્ટ પદ્ધતિઓને રૂ. પાંચ લાખ, રૂ. ત્રણ લાખ અને રૂ. એક લાખનું ઇનામ આપવામાં આવશે. સંશોધનાત્મક ટેક્નોલોજી માટેના મૌલિક વિચારો (માત્ર નવીન આઇડિયા!) માટે પુરસ્કૃત કરવામાં આવશે. આ ઉપરાંત મૂળભૂત સંશોધનો, પરંપરાગત જ્ઞાન અને પર્યાવરણની જાળવણીમાં યોગદાન આપતી ત્રણ વ્યક્તિઓ અથવા સંસ્થાઓને પણ પુરસ્કૃત કરવામાં આવશે.

### કોણ ભાગ લઈ શકે?

ઔપચારિક સંસ્થાઓની મદદ સિવાય આપમેળે ગુણવત્તા અને ઉત્પાદકતાની સુધારણામાં વિશિષ્ટતા પ્રાપ્ત કરી હોય તેઓને મૌલિક વિચારો, નવસંશોધનો અને પરંપરાગત જ્ઞાનની પદ્ધતિઓ લખી મોકલવા નિમંત્રણ છે.

### વિદ્યાર્થીઓ માટે ખાસ શ્રેણી

વિદ્યાર્થી સંશોધકોને પોતાનાં મૌલિક વિચારો અથવા સંશોધનો મોકલવા માટે આમંત્રણ છે. આ મૌલિક વિચારો પોતાના શિક્ષકો અથવા અન્ય કોઈ બાહ્ય મદદ વિના ફક્ત પોતાની સર્જનશીલતાનું જ પરિણામ હોવું જોઈએ. અન્ય સંશોધકોને મદદ કરવા માટે ગ્રામવિસ્તારોમાં વિદ્યાર્થીઓને (સંશોધન સંવર્ધનલક્ષી વિદ્યાર્થી પરિષદ) સ્કાયમાં જોડાવા માટે પણ પ્રોત્સાહિત કરવામાં આવે છે.

### કેવી રીતે ભાગ લેશો?

વ્યક્તિગત અથવા સામૂહિક, એક અથવા એકથી વધુ, જેટલાં ઇચ્છો તેટલાં પ્રવેશપત્રો અથવા પદ્ધતિઓ મોકલી શકાશે. પ્રવેશપત્રો સાદા કાગળ પર લખી મોકલવાં, જેમાં નવીનીકરણ અથવા પદ્ધતિનો ઉદ્ભવ, સંશોધનની શરૂઆત કેવી રીતે થઈ, સંશોધનનો મૂળભૂત વિચાર વગેરે માહિતી વિગતવાર મોકલવી. શક્ય હોય તો સાથે ફોટોગ્રાફ્સ, વિડિયો કેસેટ, સીડી અથવા અન્ય માહિતી પણ મોકલવી, જેથી સંશોધનો કે પરંપરાગત જ્ઞાનને સમજી શકાય. વનસ્પતિને લગતાં પ્રવેશપત્રો સાથે વનસ્પતિના ઓળખી શકાય તેવા સૂકવેલા નમૂનાઓ પણ શક્ય હોય ત્યાં સુધી મોકલવા.

### પ્રવેશપત્રો ક્યાં મોકલાવશો?

રાષ્ટ્રીય નવીનીકરણ પ્રતિષ્ઠાન (એન.આઇ.એફ), બંગલા નંબર ૧, સેટેલાઈટ કોમ્પ્લેક્સ, પ્રેમચંદનગર રોડ, જોધપુર ટેકરા, અમદાવાદ - ૩૮૦૦૧૫, ટોલ ફ્રી નંબર - ૧૮૦૦ ૨૩૩ ૫૫૫૫, ૨૬૭૩૨૪૫૬, ફેક્સ નંબર - ૦૭૯-૨૬૭૩૧૯૦૩
email: campaign@nifindia.org, www.nifindia.org

હની બી નેટવર્ક | ભારતીય પ્રબંધ સંસ્થાન | વૈજ્ઞાનિક અને તકનિકી સંશોધન પરિષદ | જ્ઞાન

# ઇગ્નાઈટ

## વિદ્યાર્થીઓની શોધ અને નવીન વિચારને પુરસ્કૃત કરતી રાષ્ટ્રીય હરીફાઈ

રાષ્ટ્રીય નવપ્રવર્તન પ્રતિષ્ઠાન – ભારત

વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી વિભાગ, ભારત સરકાર

રાષ્ટ્રીય નવપ્રવર્તન પ્રતિષ્ઠાન (રા.ન.પ્ર.) ભારત સરકારના વિજ્ઞાન અને તકનીકી વિભાગ અંતર્ગત એક સ્વાયત્ત સંસ્થા છે. જે હની બી નેટવર્કની વિચારધારા પર આધારિત છે. 'ઇગ્નાઈટ' શાળામાં ભણતા વિદ્યાર્થીઓ માટેની મૌલિક વિચાર અને નવસંશોધનની રાષ્ટ્રીય હરીફાઈ છે; જેનું આયોજન રાષ્ટ્રીય નવપ્રવર્તન પ્રતિષ્ઠાન દ્વારા કરવામાં આવે છે. આ હરીફાઈના પુરસ્કારની ઘોષણા દર વર્ષે ૧૫ ઓક્ટોબરના રોજ કરવામાં આવે છે. ૧૫ ઓક્ટોબર ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ માનનીય ડૉ. એ.પી.જે. અબ્દુલ ક્લામનો જન્મદિવસ છે. આ દિવસને રા.ન.પ્ર. બાળસર્જનાત્મકતા દિવસ તરીકે ઉજવે છે.

**કોણ ભાગ લઈ શકે?**

શાળાના બાળકોના મૌલિક વિચાર/સંશોધન સ્વયંસર્જીત હોવા જોઈએ. તેમાં કોઈ પ્રકારની બાહ્ય કે તકનીકી મદદ લીધેલ ન હોવી જોઈએ. રા.ન.પ્ર. બધાં જ ઉત્કૃષ્ટ નવપ્રવર્તનના વિચાર કે શોધના બૌદ્ધિક સંપદાના રક્ષણ (પેટન્ટ) માટે સમર્થન અને મદદ કરશે. કોઈપણ શાળાના ધોરણ ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ (અથવા તે ઉંમર સુધીનાં શાળામાં ન જતાં બાળકો પણ) ઇગ્નાઈટ હરીફાઈમાં ભાગ લઈ શકે છે. સંશોધન અરજીને આપ અમારા નીચે જણાવેલ સરનામાં ઉપર પોસ્ટ દ્વારા અથવા ઈ-મેઈલઃ દ્વારા **info@nifindia.org** ઉપર મોકલી શકો છો.


**<u>અરજી મોકલવાનું સરનામુ</u>**

ઇગ્નાઇટઃ રાષ્ટ્રીય નવપ્રવર્તન પ્રતિષ્ઠાન (રા.ન.પ્ર.)

બંગલા નં. ૧, સેટેલાઇટ કોમ્પલેક્ષ, પ્રેમચંદનગર રોડ, અમદાવાદ–૩૮૦ ૦૧૫

ફોનઃ ૦૭૯ – ૨૬૭૩ ૨૪૫૬/૨૦૯૫, ફેક્સઃ ૨૬૭૩ ૧૯૦૩

Email: info@nifindia.org, Website: http://www.nif.org.in/ignite/